Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૭ મું ] [ અંક ૫ મો

ફાલ્ગુન

ઈ. સ. ૧૯૫૧ ૫ મી માર્ચ

વીર સં. ૨૪૭૭ વિ સં. ૨૦૦૭

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

પુસ્તક ૬૭ મું અંક ૫ મો. | ફાલ્ગુન | વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

## अनुक्रमणिका


१ શ્રી સુમતિજિન સ્તવન ... ... ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) ૮૧
૨ ધન્ય અને સફળ જીવન ... ... ... ( શ્રી વેલજીભાઇ ) ૮૨
૩ चतुर ... ... ... ... ... ( રાજમલ ભંડારી ) ૮૨
૪ વિશાલ દૃષ્ટિ ... ...("સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદ) ૮૩
૫ ઘર કોનું ?... ... ... ( "સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદ ) ૮૪
૬ સાહિત્યવાડીનાં કુસુમો : : ક્ષપકશ્રેણીનો મુસાફર : ૧ : ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૮૭
૭ સીતા વનવાસ-ગમન... (શ્રી મગનલાલ મોતીચંદ શાહ-સાહિત્યપ્રેમી) ૯૨
૮ શ્રી સિદ્ધાચલતીર્થ સ્તવન ... ... ( મુનિરાજશ્રી રુચકવિજયજી ) ૯૬
૯ કુમતિકુદ્દાલ, કુમતિકંદકુદ્દાલ...ઈત્યાદિ (શ્રી હીરાલાલ રસિકલાલ કાપડિયા M A.) ૯૭
૧૦ વ્યવહાર કૌશલ્ય : ૨ ( ૩૦૧-૩૦૨ ) ... ... ( મૌક્તિક ) ૧૦૧
૧૧ પ્રકીર્ણ ... ... ... ... ... .. ... ૧૦૩
૧૨ શ્રી ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઇસ્કૂલ ઉદ્ઘાટન સમારંભ ... ૧૦૪
૧૩ પંચોતેરમા વર્ષમાં પ્રવેશ ... ... ... ... ટા. પે ૩


### નવા સભાસદ

| | | | |
|---|---|---|---|
| ૧. | સાંડસા ચીમનલાલ રતનચંદ | કોલ્હાપુર | લાઇફ મેમ્બર |
| ૨. | શ્રી ભંવરલાલજી | જૈતારણ | ,, |


## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

**[ નવી આવૃત્તિ-અર્થ સાથે. ]**

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**


## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઈંડીંગ અને પાંચશેં લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ, પોસ્ટેજ અલગ.

લખોઃ—**શ્રી જૈનધર્મ પ્રસારક સભા—ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૬૭ મું. અંક ૫ મો : ફાલ્ગુન : વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭

# શ્રી સુમતિ જિન સ્તવન.

( ગાયો ગાયો રે મહાવીર જિનેશ્વર ગાયો–એ દેશી. )

દીઠો દીઠો રે જિન સુમતિ ! આજ હી દીઠો.
શાંત સુધારસ સદૃશ મીઠો, જિનમુખ દર્શન દીઠો;
પાપ-પંક સવિ દૂરે નીઠો, આતમ ઉજ્જ્વલ ઈઠો રે. જિન સુમતિ. ૧
શ્રુત-અનુભવ મેં આગળ કીધો, મોહ મિથ્યાત્વ વિનઠો;
જિનમુખ દર્શનફરસન કીધો, સુવિહિત પામી સુજિઠો રે. જિન૦ ૨
દર્શન ફરસન જે નવિ પામે, જિનદર્શન નવિ ભાવે;
પૂજન અર્ચન કિમ કરી માને, પાપ-બહુલતા ધરાવે રે. જિન૦ ૩
પાપ-બહુલતા જે જન ધારે, તે રખડે સંસારે;
મોક્ષ અરુચિને મનમાં ધારે, ચરમાવર્તની બહારે રે. જિન૦ ૪
મોક્ષરુચિ દિલમાં જે લાવે, ચરમાવર્ત સોહાવે;
કાળ લબ્ધિ સહી તે જન લેવે, બીજા આપ વિગોવે રે. જિન૦ ૫
કાળલબ્ધિ શિવપંથ દિખાવે, ભાવલબ્ધિ તે રૂચાવે;
ભાવલબ્ધિ જિનદર્શન કહીએ, **રુચકવિજય** ઇમ બોલે રે. જિન૦ ૬

મુનિરાજ શ્રી રુચકવિજયજી

For Private And Personal Use Only

# ધન્ય અને સફળ જીવન.

આનવ ભવ પામી કરી, નવ લીધું પ્રભુ નામ;
તેની અમૂલ્ય જિંદગી, વૃથા ગઈ જ તમામ. ૧
મોંઘો નરભવ પામીને, કર્યાં ન સુકૃત કામ;
તેના તન, મન, ધન અને જીવતર ધૂળ સમાન. ૨
નિજ આતમ નવિ ઓળખ્યો, રાચ્યો વિષય કષાય;
વિલાસમાં જીવન જતાં, અંતસમય પસ્તાય. ૩
અંતે કોઇ ન આવશે, સગાં સંબંધી સાથ;
દેહ, ગેહ, ધન છોડીને, ચાલ્યો જશે અનાથ. ૪
મહેલ બાગ ને ધન બધું, રહેશે જયાંનું ત્યાંય;
આયુષ્ય ખૂટયું ત્યાં પછી, ઉપાય ફોકટ જાય. ૫
કરણી જેવી જીવની, તેવી જ ગતિમાં જાય;
બૂરાનાં ફળ છે બૂરાં, સુકૃતથી સુખ થાય. ૬
સુકૃત જો કીધાં નહિં, નહિં સમર્યા શ્રી રામ;
સમજો જન્મ ગયો વૃથા, બન્યો મૂર્ખનો જામ. ૭
ધન્ય ધન્ય નર તેહને, ધન્ય તેહનાં કામ;
જેણે પરહિત-કારણે, અર્પ્યાં તન ધન ધામ. ૮
સફળ જીવન છે તેહનું, ધન્ય જીવન પણ તેહ;
જેણે પરહિત વાપર્યાં, નિજ ધન ને નિજ દેહ. ૯

શ્રી વેલજીભાઇ ( અચ્છાબાબા )-જામનગર.

---

# चतुर ।

चतुर पुरुष वह जानीये, जो सर्व ही समझे ऐन[१] ।
ऐनन में समझे नहीं, फिर उससे करीये सेन[२] ॥ १ ॥
सेनन में समझे नहीं, तो उससे कहीये वैन[३] ।
वैनन में समझे नहीं, तो उससे लेन न देन ॥ २ ॥
चतुर पुरुष ही विश्व में, कहलाता है श्रेष्ठ ।
बिना चतुरता विश्व में, होगा कैसे अभिष्ट ॥ ३ ॥
मनुष्य जीवन पायकर, न किया मनुष्तत्त्व प्राप्त ।
राज मनुष्तत्त्व चतुरता प्राप्त कर, यही जीवन का साध्य ॥ ४ ॥

राजमल भण्डारी-आगर

---

१ खास-मुख्य. २ इशारा-इंगित. ३ बात-वार्ता.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશાલ દૃષ્ટિ.

( "સાહિત્યચંદ્ર" શ્રી. બાલચંદ હીરાચંદ-માલેગામ.)

તૂં ઉઠ માનવ-વિહગ ઝટપટ ઊડ નભમંડલ વિષે;
આકાશ પ્રાંગણ વિપુલ વિસ્તૃત વિહરવા સુંદર દિસે. ૧

તૂં જ્ઞાન-પાંખો મૂક પહોળી સંકુચિતતા પરિહરી;
ખાબોચિયા અજ્ઞાનના ટાળી ત્વરે દૂરે કરી. ૨

તૂં શબ્દની જંજાળ મૂકી દીર્ઘ દૃષ્ટિ જ્ઞાનની;
ઝટ સમજ મન તૂં ભાવના ઉદ્દેશ આત્મિક ભાવની. ૩

પર્વત નહીં નદિયો નહીં જ્યાં ઊંચનીચા સ્થળ દિસે;
આડા ન કોઈ આવતા ઇચ્છાપ્રવાસી ત્યાં વસે. ૪

સર્વે દિશા છે મોકળી પ્રતિબંધ વિણ વિહરો સદા;
આનંદ મંગલ અનુભવો આત્મૈક ભાવોથી સદા. ૫

અભિમાનના ઊંચા ઘણા પર્વત અને બહુ ટેકરા;
ખાબોચિયા ગર્તા ઘૃણાસ્પદ નીચતાથી જે ભર્યા. ૬

છે દુષ્ટતાના મલિન વહનો વિપૂલ દુર્ગંધે ભર્યા;
અતિ લોભ કામ કષાયધારી માનવોથી ઉભર્યા. ૭

પૃથ્વી વિષે ઘન તિમિર છે અજ્ઞાનની મોહાંધતા;
દાબે ઇહાં સહુ માર્ગ નિજનો કર્મની છે બદ્ધતા. ૮

ઊંચે ચઢી આકાશમાં તૂં નિરખ સર્વ દિશા ફરી;
જો દીર્ઘ ને સુવિશાલ રાખી ચિત્તમાં દૃષ્ટિ જરી. ૯

એકાંત માર્ગે સંકુચિતતા ત્વરિત વધતી વેગથી;
ટૂંકી તજી દૃષ્ટિ સુવિસ્તૃત અનેકાંતિક ભાવથી. ૧૦

દૃષ્ટિ ખિલ્યાથી આત્મ-ઉન્નતિ સાધશે ક્ષણવારમાં;
માટે કરી વિસ્તાર દૃષ્ટિ દેખજો ત્રણ લોકમાં. ૧૧

ઊંચે ચઢો તિમ દૃષ્ટિ ખીલે માર્ગ ત્યાં દેખાય છે;
બાલેંદુ વિનવે નમ્રભાવે આત્મદર્શન થાય છે. ૧૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઘર કોનું ?

(લેખકઃ—સાહિત્યચંદ્ર શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ)

હું મારા ઘરમાં એક શોભીતા ઓરડામાં સ્વસ્થચિત્તે એક ગાદલા ઉપર તકીઆને અડી કાંઈક સુખદ વિચારમાં બેઠો હતો, એટલામાં મારો એક બાલમિત્ર ઘણા વરસે ત્યાં આવી પહોંચ્યો. કુશલ પ્રશ્ન અને જવાબ થયા. પછી મિત્રે પૂછયુંઃ આ ઘર તમે કયારે બંધાવ્યું ? પહેલાનું ઘર તો એક સાધારણ નાનકડું ઘર હતું અને આ તો એક બંગલાના ઘાટ જેવું ઘણું સારું ઘર જણાય છે. મને આ પ્રશ્નથી ઠીક આનંદ થયો અને મારી સુધરતી સ્થિતિ માટે મને કાંઇક અહંકારનો પણ અનુભવ થયો. મારા મિત્રને મેં કહ્યુંઃ આ ઘર આઠ દશ વર્ષ ઉપર નવું બંધાવ્યું. પ્રભુની કૃપા થઇ. બે પૈસા કમાયા ને આ નવું ઘર બંધાવ્યું. 'પ્રભુની કૃપા છે' આમ જયાં હું બોલતો હતો ત્યાં તો મારો દિકરો બબલો દોડતો આવ્યો અને કહેવા માંડયોઃ જુઓ બાપા, આ જોડેનો કીકો આવ્યો અને મારા રમવાના ઓરડામાં આવી મને કહે છેઃ આ આપણા ઓરડામાં બીજાને નહીં આવવા દઇએ. બાપા એ મારું છે ને ? એમાં કીકાનો વળી ભાગ શાનો હોય ? એટલામાં નાની કીકી આવી કહેવા માંડીઃ હું રસોડામાં જઇ રમતી હતી ત્યાં તો બા આવી મને કહે—મારા રસોડામાં તારા આ ટીખળ હું નહી ચાલવા દઉં. શું એ ઓરડો મારો નહીં ? શું બા એકલી એની ધણી થઇ બેઠી ? એટલામાં તો રામો આવી કહેઃ જુઓ સાહેબ, હું મારું કામ પતાવી મારા નીચેના ઓરડામાં બેઠો હતો ત્યાં તો આપે રાખેલી નવી છોકરી કહેઃ એ ઓરડો તો શેઠાણીએ મને સોંપ્યો છે, એમાં તો હું રહીશ. તારે જયાં જવું હોય ત્યાં જજે.

આમ જુદી જુદી તકરારો ચાલતી હતી ત્યાં તો કૂતરા અને બીલાડાઓને પણ મનુષ્ય વાણીથી બોલતા જોયા. કૂતરું કહેઃ એ ઘર તો મારું છે. બીલાડું વળી કહેઃ એ ઘરમાં બીજા બીલાડાને પેસવા દઇશ નહીં. ઉંદરો કહેઃ એ ઘર તો અમારું થઇ ગયું. અમારા રહેઠાણો પણ નક્કી થયા છે, એમાં અમો કોઇની રોકટોક નહીં સાંભળીએ. એટલામાં માંકડ, જૂ અને બીજા કરોળીઆ, કીડીઓ, મંકોડા મોટા જોરશોરથી પોકારવા માંડયા કે એ ઘર તો અમારું જ છે. અમને અહીંઆ રહેતા કોણ રોકી શકે તેમ છે ? એ બધો કોલાહલ, હોહા અને હુંકાર સાંભળી હુ તો દિઙ્મૂઢ જ બની ગયો ! આ બધું શું થવા બેઠું છે ? આ બધાઓ મને આ ઘરમાંથી હાંકી કાઢવા બેઠા છે શું ?

આ બધી ભાંજગડ ચાલતી હતી ત્યાં તો કબાટો, ખુરસીઓ, તીજોરી, અલમારીઓ, ચ્યભરાઇઓ બધી જ માનવ વાણીથી બોલવા માંડી. દરેક વસ્તુ કહેઃ એ તો અમારું ઘર છે. એમાં બીજાની રોકટોક નહી ચલાવી લેવાય. અમુક વસ્તુ મૂકવા માટે જ અમારી યોજના થઇ ચૂકી છે. એનો માલેક બીજો કોણ હોઇ શકે ? પેટીપટારા તો પોતાનો માલેકીનો હક બતાવવા માટે અનેક દલીલો આગળ ધરી રહ્યા. હું તો આભો જ બની ગયો. આટલા બધા માલેકો જયારે ઉભરાઇ જવા માંડ્યા ત્યારે મારી તતુડી સાંભળે જ કોણ ? હું તો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને પૂરો માલેક સમજી ફુલાતો હતો, એમાં વળી કોઈ ભાગ પડાવશે અગર રોકટોક કરશે એવી કલ્પના તો મેં સ્વપ્નમાં પણ કરી ન હતી. મારી મુંઝવણ વધી પડી. એ બધાઓને હાંકી કાઢું એમ તો મારાથી થઇ શકે એમ હતું જ નહીં. મુંગે મોઢે એ બધું સહન કર્યે જ છૂટકો હતો.

આમ હું વિમાસણમાં પડી મન સાથે કાંઇ છોડબાંધ કરતો હતો, વસ્તુસ્થિતિની સાચી ઓળખાણ હું ખોળતો હતો, તેવામાં મારા શરીરમાં કાંઇક અસર થતી હોય એમ મને લાગ્યું. શરીર ધ્રૂજવા માંડયું. કાંઇક ધ્વનિ સંભળાવા માંડ્યો. ત્યાં તો એકી સાથે લાખો કરોડો જીવોનો કોલાહલ થતો હોય એમ મને ભાસ્યું. આ વળી શું તોફાન જાગે છે? એનો હું વિચાર કરતો હતો, એટલામાં તો મારવ વાણીથી અનંત જીવોના પ્રતિનિધિનો અવાજ હોય એમ મને સાંભળવામાં આવ્યું. એ બધા જીવોનો બોલવાનો સાર એ હતો કે–તમે જેને પોતાનું એક શરીર તરીકે ઠોકી બેસાડી તેની આળપંપાળ કરતા આવ્યા છો, જેની સારસંભાળ તમે ઘણી કાળજીથી કરો છો, જેને સુખ મળે એવી કલ્પનાથી તેને વારંવાર ધોઇ, પંપાળી સુગંધી દ્રવ્યથી વિલેપન આદિ કરતા રહો છો, તેને શણગારવામાં તમે પોતાની બધી શક્તિ કામે લગાડી દો છો અને શણગાર બરાબર થયો છે કે નહી તે જોવા માટે વારંવાર તેના ઉપર હાથ ફેરવી આરીસામાં જોયા કરો છો, એ શરીર શું તમારું પોતાનું છે? એ એકલા શરીરના અમો કરોડો જીવો માલેક છીએ. શરીરના અણુઅણુમાં અમો સ્વતંત્ર રીતે વાસ કરીએ છીએ. અમારા પ્રદેશમાં અમો સ્વતંત્ર છીએ. અમો ત્યાં જીવીએ છીએ. અમારા કર્મો ભોગવીએ છીએ. અમારું આયુષ્ય પૂરું થતાં અમો બીજા ખોળીઆમાં જતા રહીએ છીએ. અમારી સ્વતંત્રતામાં તમારી રોકટોક અમો સહન કરીશું નહીં. તે ચાલવાની પણ નથી. અમો તમારા સહવાસમાં રહીએ તેથી કાંઇ તમારી માલેકી અમો સ્વીકારી શકીએ નહીં. આવા આવા તો કેટલાએ શબ્દો તેઓએ મને સંભળાવ્યા. આ બધી ભુતાવળ કયાંથી જાગી હશે? હું તો તદ્દન ગાંડા જેવો થઇ ગયો. મને કાંઇ સમજણ પડી નહીં. શું એ શરીર પણ મારું નહીં? એના પણ કરોડો માલેક! આમ જો હું કેવળ એકલો દરિદ્ર બની જઉં તો મારું શું થશે? આ ઘરના પણ હજારો માલેક હોય, મારી દોલત અને સાહિત્યના પણ હજારો ભાગ પડાવનારા હોય, અરે! મારું શરીર પણ મારું પોતાનું ન હોય, એના કરોડોગમે માલેકો હોય, દરેક રોમરંધ્રમાં જુદા જુદા અનેક જીવો ભેગા મળેલા હોય ત્યાં હું એકલો શા હિસાબમાં? એ તો જાણે પ્રવાસમાં જેમ અકસ્માત સંજોગ અને વિયોગ થતાં ક્ષણની પણ વાર ન લાગે તેમ આ બધા જીવોએ મારા ઘરમાં અને મારા ખુદ શરીરમાં મને પારકો કરી મૂકયો છે. એનો સાચો ઉકેલ મને મળવો જ જોઇએ. હું કોણ છું? એની મારે શોધ કરવી જોઇએ. આ બધા કોલાહલ કરતા જીવો સાથે મારે શી રીતે સંબંધ રાખવો? મારા માટે સાચો માર્ગ કયો છે? મારું કર્તવ્ય શું છે? એની મારે શોધ કરવી જ રહી. હું આમ નિત્ય રાતદિવસ મન સાથે ઉહાપોહ કરતો હતો ત્યાં મને ખબર મળ્યા કે–આપણા ગામમાં એક અનંત જ્ઞાની સંતપુરુષ પધાર્યા છે. મને તેમના દર્શનની ઇચ્છા જાગી. હું તરત જ તેમના ચરણ પાસે જઇ પહોંચ્યો. તેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચરણરજ માથે ચઢાવી હું મારી દીન દશાની હકીકત કહું એટલામાં તો એમણે મારા મનની સ્થિતિ જાણી લીધી. મારા દુઃખી અને અસ્થિર સ્થિતિનો તેમને ખ્યાલ આવી ગયો હોય એમ મને લાગ્યું. તેઓએ અત્યંત વાત્સલ્યભાવે મને માર્ગદર્શન કરવા પ્રારંભ કર્યો. જેમ તેઓની અમૃત તુલ્ય વાણી પ્રગટ થતી ગઇ તેમ તેમ મારું મન શાંત થવા માંડયું. એ દેવગુરુ એકરૂપમાં જ પ્રગટ થયા હોય એમ મને લાગ્યું. એઓએ મને શું કહ્યું તેનો સાર મારી તૂટીફૂટી વાણીમાં હું અત્રે રજૂ કરું છું.

મહાત્મા કહે—ભો મહાનુભાવ ! તને જે મારું-મારું અને હું-હું એવો અહંકાર જાગ્યો છે એવો અહંકાર દરેક જીવ અનુભવે છે. પણ કેટલાએક વિવેકી અને ભવભીરુ આત્માઓ એનું ખરું સ્વરૂપ જાણી જાય છે. અને એ અહંકાર આત્માનો શત્રુ છે એમ સમજી તેથી દૂર ખસી જાય છે. આમ તો માનવ પોતાનું અહંભાવનું ક્ષેત્ર ખૂબ મોટું કરી મૂકે છે. હું રાજા થઉં, ચક્રવર્તી થઉં, અરે ! આખા જગતનો એકલો માલેક થઇ બેસું, એવી એવી ભાવના રાખતા પોતાનો પરિવાર વધારે જાય છે. પણ એ પરિવાર તરફ જોઇ કર્મરાજા એની હાંસી કરે છે. ક્ષણવારમાં એનો એ અહંકાર ધૂળમાં મળી જવાનો છે એ વસ્તુ એની સામે સાક્ષી હોય છે. એટલું જ નહીં પણ અહંકારથી ઉત્પન્ન કરેલા નવા ખોટા સંસાર વધારનારા કર્મો એણે કરી મૂકેલા છે. પરિપાક થતાં તે બધાં કર્મો એને નડવાના છે. તારે તો કર્મ-સંયોગે એ બધા જુદા જુદા જીવોની સાથે રહેવાનો યોગ આવેલો છે. તેમની સાથે ઓછામાં ઓછો **સંઘર્ષ** તારે કરવાનો છે. ભલે એઓની સાથે તારે રહેવાનું હોય ત્યારે એ શરીર, એ ઘરમાં **મમત્વ** ભાવ તારે મૂકી દેવો જોઇએ. જ્યારે જગતમાં ઘણી વસ્તુઓ છતાં એમાં તારે મમત્વભાવ ન હોવાને લીધે તેમના નાશથી તને દુઃખ થતું નથી. એટલે દુઃખ છે તે મમત્વ ભાવમાં, મારાપણામાં સમાએલું છે, એ ખુલ્લું જણાય છે. એ મમત્વ ભાવ તું છોડી દઇ વર્તતો હોય તો તને ખેદનું કાંઇ પણ કારણ ઉત્પન્ન ન થાય. **अहं** અને **मम** એ બે શબ્દો મોહના મંત્ર તુલ્ય છે. મોહરાજાનું બધું બળ એ મંત્ર ઉપર જ અવલંબે છે. ત્યારે એ મંત્રનો તું ભૂકો કરી મૂકે તો તારે કોઇથી ડરવાનું કારણ નથી. એનો વિરોધી મંત્ર **नाहं न मम** એ છે. તેનું તારે અવલંબન કરવાનું છે. મારું કોઇ નથી—એ ભાવના બધા દુઃખોનો નાશ કરનારી છે. ત્યારે તારે દુઃખથી મુક્ત થવું હોય તો મારાપણાની બધી ભાવના છોડી દે, તેમ જ બધા તારા છે તેથી કોઇની સાથે મને અભાવ કે પારકાપણું પણ છે જ નહિં, એ ભાવના તારે કેળવવી જોઇએ; જેથી તારા મનને સદાને માટે આનંદ જ રહેશે. બધા સાથે ભલે રહે પણ મારું કોઇ નથી એ ભાવના કેળવ. તેમ જ બધાઓ સાથે સમભાવ પણ કેળવ જેથી તારા દુઃખનો અંત આવી જશે.

આ જીવનમાં શું છે એની ઓળખાણ થવા માટે જ તારા ઉપર આ પ્રસંગ આવ્યો છે. એને તારું અહોભાગ્ય માન. તેને જાગૃત કરવા માટે જ આ બનાવ બનેલો છે. આ ઉપદેશ-વાણી સાંભળી મારા આત્માને શાંતિ થઈ.

એવી જ શાંતિ મારા દરેક સુજ્ઞ બંધુઓ અને બહેનોને થાય એ જ અભ્યર્થના !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય-વાડીનાં કુસુમો.

## ક્ષપકશ્રેણીનો-મુસાફર. (૧)

( લેખક:—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી-મુંબઈ )

**ના, હું તો જઈશ.**

ગુરુદેવ ! રાઈ પડિક્કમણમાં તો ક્ષમાપના કરી છે, છતાં આપશ્રીના ચરણમાં પુન: શીર નમાવી અત્યાર પર્યંત થયેલા દોષોની ક્ષમાપના ચાહું છું અને આપશ્રીનો સહવાસ કાયમને માટે છોડી જઉં છું !

વિનીત અને વિદ્વાન્ શિષ્યના આ શબ્દો શ્રવણ કરતાં જ આચાર્યશ્રીને આશ્ચર્ય થયું ! શિષ્યના ચહેરા સામે જોઈ કંઇ પ્રશ્ન કરે તે પૂર્વે જ, પેલા શિષ્યે પોતાનું કથન આગળ ચલાવ્યું–

પૂજ્ય ગુરુજી ! આપશ્રીને અચમો થાય તેવી આ વાત છે. જે વેળા મારા જીવનમાં દુ:ખના રાશિ ખડકાયા હતા, અને અકસ્માતિક કષ્ટપરંપરા વચ્ચે હું ભવસાગરમાં ઝોલે ચહ્યો હતો, અરે ! મારી જીવન-નાવ ખરાબે ચઢી અથડાઈ પડવાની નોબત બજી રહી હતી, એ વેળા આ પામર જીવડાનો હસ્ત કરુણાના વારિધિ એવા આપે જ પકડ્યો હતો. મીઠા શબ્દોથી સાંત્વન પમાડી, સંસારની અસારતા સમજાવી, જીવન-પંથ ઉજાળવાનો માર્ગ આપે જ બતાવ્યો હતો. લોકવાયકામાં પ્રચલિત વિવિધ માન્યતાઓને અવગણી આપે જ આ પવિત્ર વેશ મને પહેરાવ્યો હતો. ત્યાર પછી પણ આપના એકધારા પ્રયાસથી જ એક સમયનો આ ભમતારામ, જેમ કોલસાની ખાણમાંથી વિવિધ પ્રયોગોમાં પસાર થઈ હીરો પ્રકાશી ઊઠે તેમ હું પણ અધ્યયનદ્વારા મુનિજીવનમાં ખ્યાતિ પામ્યો છું. એ એકદમ ગુરુ-આજ્ઞા વિના છૂટો પડવાની વાત કરે એ અજાયબી તો ખરી જ. પણ હું જવા માંગું છું એ સ્થાન માટે આપ કદી પણ હા પાડવાના નથી જ, એની મને પાકી ખાત્રી છે. આપ સરખા સંત પાસે એ રજૂ કરવામાં પણ શરમ છે.

છતાં ગુરુદેવ ! મેં રાત્રિના કલાકો મંથનમાં પસાર કરી, લાભાલાભના સરવાલા બાદબાકી મૂકી નિશ્ચય કર્યો છે કે–' પતિત ભલે કહેવાઉં, પણ આ પવિત્ર અંચલાને લજવીશ નહીં જ. '

ગુરુમહારાજ કંઇ પ્રશ્ન કરે તે પૂર્વે આ વાર્તાલાપના પાત્રોની આછીપાતળી પિછાન કરી લઈએ. વળી સ્થાન પણ જોઇ લઈએ.

આપણા પવિત્ર એવા શ્રી કલ્પસૂત્રમાં ભગવંત શ્રી મહાવીરદેવના ચૌદ ચોમાસા રાજગૃહની નિશ્રાયે 'નાલંદાપાડા'માં થયાની નોંધ ઉપલબ્ધ થાય છે. એ 'નાલંદા' આજે તો ખંડિયેર દશામાં દષ્ટિગોચર થાય છે. બિહારથી જે 'લુપલાઈન' રાજગિરકુંડ સુધી જાય છે એમાં નાલંદા સ્ટેશન આવે છે. થોડા ઝુંપડા વટાવ્યા પછી જૂના વિદ્યા-પીઠના ખંડિયેરો ખોદકામ કરતાં બહાર આવેલાં નજરે ચઢે છે. એ તરફ આંખ ફેરવતાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગતકાલીન ગૌરવ, બુદ્ધિવૈભવ અને જ્ઞાનપ્રેમ ચક્ષુ સામે તરવરવા લાગે છે. સામી દિશાએ સ્થાપેલા સંગ્રહ સ્થાનમાં જે વસ્તુઓ સંઘરાયેલી છે એ જોતાં આ વિદ્યાધામની કીર્તિગાથા તાજી થાય છે. આપણો વાર્તા–કાળ તો ચરમ તીર્થપતિની પૂર્વનો છે. એ કાળે આ સ્થળ વિદ્વાનોનું તીર્થસ્થાન હતું. શ્રીમંતોએ ત્યાં ધન ખર્ચીને સરસ્વતી–ધામો ઊભાં કર્યાં હતાં. એમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીગણ નાનોસુનો નહોતો. વિદ્વાન આચાર્યો માટે જુદા જુદા રહેઠાણો હતાં. અનુયાયી ભક્ત સમૂહોના વિવિધરંગી પ્રાસાદોથી સુશોભિત આ રાજગૃહનું પરૂં એક નાનકડી નગરી સમું બની ગયું હતું. વિહાર કરતાં ત્યાં આચાર્યમહારાજ ધર્મરુચીજી પોતાના શિષ્યસમૂહ સહિત આવ્યા અને વસતીમાં ઉતર્યા.

શરૂઆતમાં જે શિષ્ય વાર્તાલાપ કરતો જોવાય છે એ દેહની કાંતિમાં સૌને ટપી જાય તેવો તેમજ વયમાં યુવાન હતો. મુનિજીવનમાં પ્રવેશતાં પૂર્વે સંગીત, વેશપરિવર્તન અને વિવિધ વાજિંત્રના ચુનંદા વગાડનાર તરીકે 'રંગીલા અષાઢ'ની ઉપમાને પામ્યો હતો. મુનિપણું લીધા પછી તે 'અષાઢાભૂતિ' સાધુ તરીકે સંબોધાતા જ્ઞાનીગુરુના સમાગમમાં આવ્યા પછી પેલી કળાઓ કરતાં પણ ચડી જાય અને આત્માના મૂળ ગુણ તરીકે ઓળખાય એવી જ્ઞાનકળા વૃદ્ધિ પામતી ગઈ અને નાલંદામાં એની સુવાસ એવી તો પ્રસરી ગઈ કે રાજગૃહની જૈન જનતામાં હજારોના મુખે ચઢી.

કોઈ કહેતા કે વ્યાખ્યાન તો અષાઢમુનિનું ! ભરત બાહુબલિના યુદ્ધનો પ્રસંગ વર્ણવે ત્યારે જાણે વીરરસ ઉછળતો જણાય, પણ જ્યાં ઉગામેલી મુષ્ટિ સ્વમસ્તકના વાળ લોચી નાંખે ત્યારે બાહુબલિ મુનિ શાંતરસ ઝીલતા નયણે ચઢે. સંગીત કળા પણ મુનિ અષાઢની ! ચાહે તો સ્તવન કહેતાં હોય, અગર તો સજ્ઝાય બોલતાં હોય. એ કાળનો જૈન સમાજ એટલે 'મહાજન' માં મોખરે. એના મહેંઢામાંથી નીકળેલા પ્રશસ્તિ સ્વરો સારીયે નગરીમાં પ્રસરે એમાં શી નવાઈ ! નીતિકાર પુત્રથી પરાભવ થવાના કાર્યને શોભાસ્પદ ગણાવે છે અર્થાત્ પિતા કરતાં પુત્ર સવાયો કહેવાય એમાં ગૌરવ માને છે. એ નિયમને અનુસરી ગુરુ ધર્મરૂચીજી પણ શિષ્ય એવા અષાઢની યશગાથાથી હર્ષિત થતાં અને અન્ય ચેલાઓને જરૂર જણાતા એનું ઉદાહરણ આપતા. એના કપાલ પ્રતિ મીંટ માંડી પોતે નક્કી કરી રાખેલું કે ભવિષ્યમાં આ શિષ્ય સ્વઆત્મકલ્યાણ તો કરશે પણ જૈન શાસનની પ્રભાવનામાં કારણભૂત બનશે.

પણ પ્રાતઃકાળમાં આવશ્યક ક્રિયાથી માંડ પરવાર્યા ત્યાં એ શિષ્યે જે મંગલાચરણ આરંભ્યું એ એવું તો વિલક્ષણ હતું કે ગુરુમહારાજના કલ્પના–પ્રદેશમાં એથી મોટું ગાબડું તો પડયું, પણ સાથોસાથ એની અત્યાર સુધીની કારકીર્દી પર મશીનો કુચડો ફેરવનારું લાગ્યું.

વત્સ ! ખોટી લજ્જા ધરવાનું કંઇ જ કારણ નથી. જે વાત અંતરમાં રમતી હોય તે ખુલ્લા દિલે કહી નાંખ. 'દરદ જાણ્યા વિના ઓસડ કંઈ ઓસડ અપાય ?' પ્રમાદ દશાના પલ્લે પડી જતાં ભલભલા મહારથીઓ પણ ભીંત ભૂલ્યા છે. 'મનુષ્ય માત્ર, ભૂલને પાત્ર' એ જનવાયકા ખોટી નથી. અર્હન્ત પ્રભુના શાસનમાં પ્રાયશ્ચિતનો તોટો નથી. ફક્ત હૃદયશુદ્ધિ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્ય સંત, આપની સમક્ષ એ કહેવાનો મેં નિશ્ચય કર્યો છે. ને વિના અહીંથી પગ ઉપાડવાનો નથી. ઘણા દિવસ આ વેશ હેઠળ મેં મારી પાપલીલા ચલાવ્યે રાખી આજે એના પરનો પડદો ઉંચકવાનો પાકો નિશ્ચય છે.

સંસારના એક અકસ્માતે જેમ મને આપશ્રીની સાનિધ્યમાં લાવી મૂકયો તેમ એના બીજા અકસ્માતે મારા ત્યાગ–જીવનમાં આગ ચાંપી. મને સ્પષ્ટ ભાન થયું છે કે આપની મીઠી વાણીથી મારામાં વૈરાગ્યનું બીજ પ્રગટયું પણ એ જ્ઞાનગર્ભિત નહોતું. દુ:ખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય ભલે ગણત્રીમાં લેવાતાં હોય, કદાચ એનાથી કેટલાક આત્માઓના કલ્યાણ સધાયા હોય, છતાં ધોરી માર્ગ તો જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનો જ છે. જ્યાં લગી અંતરના ઊંડાણમાં એની લગની જોર પકડતી નથી ત્યાં લગી આત્મદર્શનની વાત ઝાંઝવાના જળ જેવી છે. મને એની પાકી પ્રતિતી થઇ ચૂકી છે.

ગુરુજી ! અહીંના વાતાવરણમાંથી ગોચરી નિમિત્તે હું આ વિશાળ નગરીના મહોલ્લા-ઓમાં જતો ત્યારે મારા ઇન્દ્રિયરૂપી અશ્વો ચંચળ બની જતાં, મનરૂપી તેજી તોખાર તો કેટલીયે શૃંગારની ભૂમિ ખુંદી આવતો. કયાં તો ભક્તનું ઘર આવતા એનો અંત લાધતો અથવા તો અધ્યયનદ્વારા પ્રકટ થયેલી પ્રજ્ઞા પોકારતી કે—' શ્વેત અંચળધારીને આ વિચારણા શોભે ? ' ' છતાં યુવાની દીવાની છે ' એ જ્ઞાની વચન સો ટકા સાચું છે. બીજે દિને એ તરંગો પુનઃ મનનો કબજો લેતાં રાજગૃહી, નાલંદા વિદ્યાપીઠથી અલંકૃત, કળા–કોવિદ, સાહિત્યકારો, વ્યાપારીઓ ને જ્ઞાનપિપાસુઓના આકર્ષણનું કેન્દ્ર હોવાથી જુદા જુદા કળાકારોના એમાં પગલા પડે એ સંભવિત છે. નાટ્યાચાર્ય વિશ્વકર્મા પોતાની મંડળી સહિત અહીં આવી વસ્યા છે. અભિનય કળાના એ નિષ્ણાતની પ્રસિદ્ધિ ચોતરફ કર્પૂરની સુવાસ માફક પ્રસરી ગઇ હતી. તે રસલીનતા કે કળાનું ખૂન પોતાના નાટકોમાં સાંખી શકતા નહીં. ધન સંચય તેમની પ્રકૃત્તિમાં નહોતો. નાટ્યકળાનું ગૌરવ વૃદ્ધિ પામે અને સારી જનતામાં એના રોજના જીવનમાં તાઝગી આવે ને ચૈતન્યના ફુવારા ઉડે, આનંદના ઓઘ ઉભરાય ને નૈતિક ધોરણ ઊંચે આવે, એ તેમની મનીષા હતી. સંતાનમાં તેમને બે પુત્રીઓ હતી. બંને નિષ્ણાત પિતાના હાથે સંગીત કળાના સંસ્કાર પામી યૌવનના આંગણે ઝુલતી હતી રંભા અને શચી તેમના નામ હતા અને રૂપ સૌન્દર્યમાં સાક્ષાત્ તેઓ એ નામની દેવાંગનાઓને મળતી આવતી. વિશ્વકર્મા તેમને યોગ્ય પાત્રની શોધમાં હતા અને પસંદગીના મધ્ય બિન્દુ તરીકે કળાકોવિદપણું હતું.

આચાર્યદેવ ! મારા સદ્ભાગ્યે–જો કે આપશ્રીની નજરે એ કમભાગ્ય–લેખાય તેમના મહોલ્લાઓમાં હું અચાનક ગોચરી નિમિત્તે જઇ ચઢ્યો. ' ધર્મલાભ ' સુણાવી પાત્ર ધર્યું. રસોડામાં ઉભય તરુણીઓ કોઇ મહેમાન સારુ ભોજન તૈયાર કરી રહી હતી. શચીએ જુદી જુદી વાનાઓથી મ્હારા પાત્રા ભરી દીધાં પણ મોદક તો માત્ર બે જ મૂકયા.

શાથી આમ કર્યું ? એ હજી પણ કોયડારૂપ છે. ઘર બહાર નિકળતાં મનમાં સહજ પ્રશ્ન ઉદ્ભવ્યો કે બે મોદકમાં કોનું પૂરું થશે ? અને નિશ્ચય કર્યો કે મારી વેશ–પરાવર્તનની શક્તિના બળે કોઈ જાણે નહીં એ રીતે વધારે મોદક મેળવવા. મહોલ્લા બહારના ખૂણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી, મેં ત્રણ વાર રૂપ–પરિવર્તન અજમાવ્યું. મોદક મેળવ્યા, પણ છેલ્લીવાર ખુદ નાટકાચાર્યને દીકરીને ઉપાલંભ આપતા કહેતાં સાંભળ્યાં 'મૂર્ખી ! આવા ત્યાગી શ્રમણના પાત્રમાં બે ત્રણ મોદક ન મુકાય, પાત્ર ભરી દેવું જોઈએ. એ તો પુન્યનું કામ. ખપ કરતાં તેઓ વધુ ન લ્યે. ન તો તેઓ વાસી રખે કે ન તો સંઘરો કરે.' તરત જ મારા પાત્રમાં આગ્રહ કરી વધુ મોદક મૂકયા. એ ઉપરથી હું અનુમાનું છું કે–મારી વેશ-પરિવર્તનની ક્રિયા તેમના જોવામાં આવી છે. મોદક તો ધાર્યા કરતા વધુ આવ્યા, પણ એ કરણીમાં મારું હૃદય એ રમણી–યુગલે ચોરી લીધું. પરસ્પરના મુખદર્શને અમારા વચ્ચે આકર્ષણ જન્માવ્યું. મને સંસારના પ્રસંગો આકર્ષતા હતા, અને કેટલીક વાર ઇંદ્રિયો એ તરફ દોડી જતી છતાં નાલંદામાં પાછા ફરતાં અધ્યયનમાં ચિત્ત પરોવાતાં એ સર્વ વીસરાઈ જતું. પણ જ્યારથી પેલો બનાવ બન્યો ત્યારથી જ મારા જીવનનું વલણ બદલાયું. ગોચરી મિષે અવાર–નવાર હું એ મહોલ્લામાં જવા લાગ્યો. અમારા વચ્ચે સ્નેહની જડ જામી, પ્રેમના વાર્તાલાપ વધી પડયા અને એ ઉભય યુવતિઓએ, મારી સાથે સંસાર માંડવાનો પોતાનો નિરધાર જાહેર કર્યો, એટલું જ નહીં પણ એમાં પોતાના પિતાની સંમતિ મળી ચૂકી છે એમ પણ જણાવ્યું.

પૂજ્ય સંત, મુનિધર્મને શોભે નહિં એવી પ્રેમગોષ્ઠી આ પવિત્ર અંચલો ઓઢનારા અને ગોચરીના મિષે જનાર એવા મેં ઘણી વખત કરી છે. શ્રમણ ધર્મની નજરે ન છાજે એવા ચેનચાળા પણ મારા હાથે થયા છે. મન અને વાચાદ્વારા દૂષિત થયેલ હું હજુ કાયાથી દોષપાત્ર નથી બન્યો. ધાર્યું હત તો આ સ્વાંગ હોવા છતાં એ પણ થઈ શકતે, પણ એમાં આપે કરાવેલ અભ્યાસ મારી મદદે આવ્યો અને કર્ત્તવ્ય–દિશા સુઝાડી. મારું પતન ભલે થાય, પણ તીર્થંકર દેવો નિર્મિત આ વેશ હરગીજ ટીકાપાત્ર ન બનવો જોઈએ. પાપ કરી રહ્યો છું એ હું સમજું છું પણ એ પાછળ નથી તો દંભના ઢાંકણા કે માયા કપટનાં આવરણ.

ઓહ, વત્સ ! ફિકર ન કર. તારા અતિચારનું શોધન તો શક્ય છે. મન અને વાચાના દોષોની શુદ્ધિ માટે હું અત્યારે જ પ્રાયશ્ચિત્ત આપું.

ગુરુદેવ ! હું પ્રાયશ્ચિતનો અર્થી નથી રહ્યો. અજાણતા લાગેલા દોષો તપ–વારિથી ધોવાય પણ હું તો જાણીને સંસારરૂપી કીચડમાં પગ મૂકી રહ્યો છું. એ રમણી–યુગલ સહ સંસાર માણવાનો મેં નિશ્ચય કર્યો છે. સંયમ માર્ગનો હું થાકેલો મુસાફર છું. વૃક્ષની શીળી છાયા દેખી પગ ભારે થયા છે, વિશ્રામની અભિલાષા ઉત્કટ બની ચૂકી છે. અવનતિ અને અવગતિ ડોકિયા કરી રહી છે એ જાણીને એમાં ઝંપલાવવા નિશ્ચય કર્યો છે !

વત્સ ! આજે તું ગંભીર ભૂલ કરી રહ્યો છે. વિચાર કર, હજી બાજી હાથમાં છે. ચિંતામણી રત્ન સમા ચારિત્ર્યને પંખી ઉડાડવા માટે કાંકરો ફેંકવા જેવા સાવ નજીવા કારણસર તું નિષ્ફળ બનાવે છે. આજે રમણીય દેખાતા એ ચહેરા, એ ખીલતી જુવાની, સંસારી વિલાસો અને એ પાછળના સુખો, એ આપાતરમણીય છે, સંધ્યારંગ જેવી શોભા-વાળા છે, જોતજોતામાં નષ્ટ થનારા છે. દુર્લભ એવા આ માનવ ભવને,–વર્ષોના આ ત્યાગી જીવનને–નિષ્ફળ બનાવવાની ઉતાવળ ન કર. હજુ વિચાર કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજ્ય સંત! ગઇ રાતની વિચારણા કલાકોની હતી. એ પછી લેવાયેલ નિરધાર એ આખરી હતો. એથી ચાહે તેવી દશા થાય એમાં મીન મેખ થઇ શકે તેમ નથી જ. આપશ્રીની મૃદુ–હિતકારી વાણી, તપેલા તવા પર જળ–છાંટણ સમા પરિણામવાળી નિવડવાની છે. વિષય પાછળ તદાકાર બનેલું મારું મન પાછું હઠે તેમ નથી જ. એ કારણે આપ સાહેબના કીમતી સમયનો ભોગ લેવાય એમ હું ઇચ્છતો પણ નથી જ. મારી એક જ પ્રાર્થના છે કે–જે માર્ગે હું પગલા માંડી રહ્યો છું એમાં સંભારણરૂપે સંઘરી શકું એવી હિતશિક્ષા શકય હોય તો આપો.

એક સમયના વિનીત શિષ્યનું આટલી હદે પતન જ્ઞાની ગુરુને પણ ઘડીભર મંત્રમુગ્ધ કરી રહ્યું. કંઇક વિચારણા પછી તેઓશ્રી બોલ્યાઃ વત્સ! માનવ સંયોગાધીન પ્રાણી છે. થવા કાળ મિથ્યા થનાર નથી. જ્યારે તું સંસારરૂપી ખાઇમાં પડવા નિશ્ચયી બન્યો છે ત્યારે મારા નિમ્ન વચનો સ્મૃતિમાં કોતરી રાખજે, એમાં લેપાઇશ નહીં તો કોઇવાર બહાર આવવાનો પ્રસંગ લાધશે.

' મદિરાક્ષીના મોહમાં ફસાયો, તેમ ભૂલેચુકે પણ મદિરાપાનમાં અને આમિષભોજનમાં આસક્ત થતો નહીં. રંગ–રાગવાળા જીવનમાં એ સહજ જોવાય છે.

ગુરુદેવ! પ્રતિજ્ઞાભ્રષ્ટ એવો હું અત્યારે તો આપશ્રીની આ કિમતી સલાહના પાલન માટે વધારે ખાતરી શી આપી શકું? પરંતુ મારા અંતરનાદે જણાવું છું કે—' મદિરા–માંસને સ્પર્શ સુદ્ધાંય નહીં કરવાનું આપનું હિતવચન હું ચુસ્તપણે પાળીશ. મારા પ્રત્યે આપશ્રીના સદ્ભાવનું એ સ્મૃતિચિહ્ન બની રહેશે. '

આટલું કહી, અંતિમ વંદન કરી સાધુ અષાઢભૂતિ મુનિવેશને પરહરી, પુનઃ સંસારી બની, નાલંદા વિદ્યાધામને છેલ્લા રામ રામ કરી, રાજગૃહ નગરીના વિશાલ માર્ગે ઝટ ઝટ ડગલા ભરતો વિશ્વકર્માવાળા મહોલ્લાની દિશામાં આગળ વધ્યો.

મદિરાક્ષીઓના મોહબાણ કાતિલ હોય છે. સમરભૂમિમાં તલવાર વીંઝનારા સુભટો મરણ–ભીતિ ધર્યા વિના ત્યાં જે શૂરવીરતા દાખવી શકે છે તેઓ પણ ઘર આંગણે નયનોના કટાક્ષ ફેંકતી અંગનાઓ આગળ પાણી પાણી થઇ જાય છે! તેથી તો જ્ઞાની ભગવંતોએ ' મોહનીય કર્મ 'ને જીતવું મહાવિકટ બતાવ્યું છે. કહ્યું છે કે—' ઇંદ્રિયોમાં–' રસના, ' યોગમાં–' મનોયોગ, ' અવ્રતમાં–' મૈથુન ' અને કર્મોમાં–' મોહનીય ' પર જય મેળવવો કઠીણ છે. '

સંસારના વિષયોમાં શચી–રંભારૂપ રમણી યુગલ સાથે પાણિગ્રહણથી જોડાઇ, કેવા કેવા પ્રકારના આનંદ લૂંટવા છે એના રેખાચિત્રો મનોપ્રદેશમાં આંકતો અને ઝડપથી આવતો આષાઢ જ્યાં ઝરૂખામાં ઊભેલા વિશ્વકર્માની દ્રષ્ટિયે પડ્યો ત્યાં તેઓથી સહજ ઉચ્ચરી જવાયું–' ચાલો, બેડો પાર થયો. '

દાદર ઊતરી પુત્રીઓને એ વાત કહી અને પૂરેપૂરા હાવભાવ અને આદર–સત્કારથી આવી રહેલા અતિથિને વધાવી લેવાની ખાસ તાકીદ કરી. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સીતા વનવાસ–ગમન
## યા
## પ્રારબ્ધનું ફરી જવું.
(૨)

લેખક:—શ્રી મગનલાલ મોતીચંદ શાહ, સાહિત્યપ્રેમી—સુરેન્દ્રનગર.

કૌશલ્યાજી—બેટા ! તું વનમાં જા એમ હું કેમ કહી શકું ? વનમાં તારું રક્ષણ કોણ કરશે ?

**સીતાજી**—માતાજી ! આપ તો જ્ઞાની છો ને એ શું બોલો છો ? વનમાં, રણમાં, પાણીમાં, અગ્નિમાં, શત્રુ પાસે કે પર્વતની ગુફામાં પોતાનાં કર્મ જ રક્ષણ કરે છે, બીજું રક્ષણ કોનું હોય ? માજી ! શું આ ભૂલી ગયા ?

**भीमं वनं भवति तस्य पुरं प्रधानं, सर्वो जनः सुजनतामुपयाति तस्य ।**
**कृत्स्ना च भूर्भवति सन्निधि रत्नपूर्णा, यस्यास्ति पूर्वसुकृतं विपुलं नरस्य ॥**

જે જીવાત્મા પાસે પૂર્વનું સુકૃત્યરૂપી વિપુલ ધન છે, તે જીવો અત્યંત ભયંકર વનને વિષે સુજનતાને પામે છે, અને પોતાની આસપાસની બધી સૃષ્ટિને રત્નપૂર્ણ બનાવી દે છે, એટલે કે પૂર્વ કર્મ એ જ રક્ષણનું કારણ છે, માજી ! આપ તો સમજો જ છો, હું બાળક વિશેષ શું કહી શકું ?

**કૌશલ્યાજી**—બેટા ! એ વાત ખરી છે, પણ તું બાળક અને વનનાં અતિ કપરા દુઃખો–ટાઢ, તાપ, ક્ષુધા, જંગલી પ્રાણીઓનો ભય, રાક્ષસોનો ભય, દુર્જનોનો ભય, આ સર્વ તારાથી શી રીતે સહન થશે ?

**સીતાજી**—માજી ! આર્ય સ્ત્રી કર્મને ખપાવતાં દુઃખનો વિચાર કરતી જ નથી. તેનામાં ભીરુતા ન હોય.

**કૌશલ્યાજી**—બેટા ! તારું શરીર તો અત્યંત કોમળ છે. તેં તડકો છાંયો જોયો નથી, અઘોર વનમાં કાળભૈરવી અંધારી રાત્રિમાં તારાથી કેમ ચલાશે ? આ દુઃખો કે જેની ગણના થઈ શકતી નથી, તે તારાથી કેમ ખમાશે વારુ !

**સીતાજી**—શરીરશક્તિનો બધો આધાર આત્મિક શક્તિ પર રહેલો છે. આત્મા બળવાન હોય તેને કોઈ વસ્તુ અગમ્ય નથી. બાકી સુખ દુઃખ એ મનની માન્યતા છે. જેને સુખ કહીએ છીએ તે કોઈ વખતે મોટા દુઃખનું કારણ થઈ પડે છે, અને ભોગવાતા દુઃખમાં પણ કાંઈક ઊંડી ઊંડી સુખની છાયા રહેલી છે. આપના આશીર્વાદથી અને પતિભક્તિના પ્રતાપે હું સર્વ દુઃખોને તરી જઈશ. માજી ! તમે વિશેષ દુઃખી ન થશો.

**કૌશલ્યાજી**—બેટા ! તને વનમાં મોકલવી તેથી અમારી અપકીર્તિ તો નહિ થાય કે ? રાજા જનક અને રાણી વિદેહાના જીવને કેટલું દુઃખ થશે ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સીતાજી**—સાસુજી ! સુજ્ઞ જીવો બનવા યોગ્ય વસ્તુનો વિશેષ શોક કરતા નથી. વનવાસ જવામાં મારા પિતા માતા મારું કલ્યાણ જ જોઇ શકશે. દીકરીના અકલ્યાણની ભાવના માતાપિતાને ન હોય, માજી !

**કૌશલ્યાજી**—બેટા ! તેં રામની સેવાનો ને તેના દુઃખમાં ભાગ લેવાનો જે નિશ્ચય કર્યો છે તે પ્રશંસાપાત્ર છે, પરંતુ તે સેવાધર્મ અતિ કઠણ છે, જે યોગીઓને પણ અગમ્ય કહ્યો છે; તેમાં પણ વનવાસમાં સેવાધર્મ બજાવવો તો અતિ દુષ્કર જ ગણાય.

**સીતાજી**—માજી ! આર્ય માતા દૂધમાં જ સેવાનાં ધર્મો બાળકને પાય છે, તેની રગેરગે નીતિ અને સેવા સ્થાપિત જ હોય છે.

**કૌશલ્યાજી**—ખરી વાત બેટા ! શાસ્ત્રકારોએ સ્ત્રીઓનાં હૃદય નબળાં અને લાગણી-વશ ગણ્યાં છે, તે કોઇ વખતે સુખને બદલે દુઃખરૂપ થઇ પડે.

**સીતાજી**—માતાજી ! હૃદયની નબળાઇ એ આર્ય સ્ત્રીનું લક્ષણ નથી. આર્ય સ્ત્રી કદી સ્વમાન અને સ્વત્રતનો પ્રાણાંતે પણ ભંગ કરતી નથી. પોતાનું રક્ષણ પોતે કરી સ્વજનને સુરક્ષિત બનાવે છે, આર્ય સન્નારીઓએ મેળવેલા વિજયથી આપ ક્યાં અજ્ઞાત છો ? હું તો બાળક આપને શું કહી શકું ? માત્ર કાલાવાલા કરું છું, આપનો વિશ્વાસ અને આશીર્વાદ માગું છું.

**કૌશલ્યાજી**—બેટા ! તારાં વચનો સાંભળી મારો શોક સમાઇ જાય છે, પણ તારા પરના વાત્સલ્યભાવને છોડી શકાતો નથી.

**સીતાજી**—માતાજી ! આ જીવાત્મા અનેક ભવ, અનેક સંબંધે જોડાયેલો જ હતો. આ નવો સંબંધ નથી. રૂણાનુબંધ હશે તો ફરી મળવાનો પ્રસંગ આવશે, આજે તો કર્મનું દેવું ચૂકવવાની જે તૈયારી કરી છે તે આપ વડીલોની કૃપાથી પૂરી થાય એ જ અંતરની ભાવના છે. સૂર્યદેવ આકાશમાં અધર આવી રહ્યા છે, તાપના કિરણો વધે છે, સ્વજન રાહ જોઇ રહ્યા હશે, માટે માતાજી ! આશીર્વાદ સાથે રજા આપો.

**કૌશલ્યાજી**—બેટા ! વિશેષ શું કહું ? રામ, લક્ષ્મણ અને સીતાના નામનો જાપ મારા હૃદયમાંથી બંધ નહિં થાય. છેવટે એટલું જ કે સુખેથી સૌ પાછા આવી પહોંચો એ મારો આશીર્વાદ છે. પ્રભુ ! તમને સહાય થાઓ !

કૌશલ્યાજીની રજા મળી ગયેલી માની સીતાજી મહામાતા રૂષિપત્ની અરૂન્ધતી દેવી તરફ જોઇ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બોલ્યા.

**સીતાજી**—મહામાતા ! આપને નમન કરું છું, અને નમ્રભાવે આપની આજ્ઞા અને આશીર્વાદ માગું છું.

**મહામાતા**—" **वत्से सौभाग्यमस्तु** " બેટા ! તમારું કલ્યાણ થાઓ.

**સીતાજી**—મહામાતા ! આપના આશીર્વાદથી અમારામાં બળ અને પ્રેરણાનો આવિર્ભાવ થાય છે, અચૈતન્યમાં ચૈતન્ય રેડાય છે, અંતરની દીપ્તિ વધારે પ્રકાશમાન થાય છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અલૌકિક આશ્વાસન મળે છે. " ब्रह्मवाक्यं जनार्दनः " એ શ્રુતિ તાજી થાય છે, અનેક નિરાશામાં આશાનો અંકુર પ્રગટી નીકળે છે, દુઃખના દિવસમાં આપનું વચન અમારા રક્ષણરૂપ નીવડશે એવી અપૂર્વ શ્રદ્ધા આજના આપના દર્શનથી પ્રગટી નીકળે છે. સંતના આશીર્વાદો ભીષણ દુઃખથી બચાવે છે, વિશેષ શું કહું ?

**મહામાતા**—શાબાશ છે, શાબાશ છે, રઘુકુળભામિની ! વૈદેહી ! તારી બુદ્ધિ અને ધૈર્યને ધન્ય છે. તારો ત્યાગભાવ જગતમાં " **यावत्चंद्रदिवाकरौ** " રહેશે, તારું આર્યત્વ અમર રહેશે, સતીઓમાં તારા નામની પ્રથમ પદે ગણના થશે. બેટા ! તારા વચનોએ આર્યભૂમિને પાવન કરી છે, રઘુકુળ દીપાવ્યું છે, મને આજે રાજા જનક અને રાણી વિદેહાનાં સ્મરણો તાજાં થાય છે. પુત્ર-પુત્રાદિમાં માતાના પુણ્યથી સુશીલતા અને પિતાના પુણ્યથી ચાતુર્ય પ્રાપ્ત થાય છે, એવું આર્ય શાસ્ત્રકારોનું કથન સત્ય કરે છે. સ્વામીભક્તિ, સત્ય અને સ્વાર્થત્યાગની રેખાઓથી અંકાએલું તારું શરીર સુવર્ણ સમ દીપી નીકળે છે, અને કોઈ અલૌકિક જીવનનો સાક્ષાત્કાર કરાવે છે એટલું જ નહિ પણ અમને કહેતાં અતિ હર્ષ થાય છે કે—

**विश्वंभरा भगवती भवतीमसूत, राजा प्रजापतिसमो जनकः पिता ते ।**
**तेषां वधूस्त्वमसि नन्दिनि ! पार्थिवानाम् , येषां कुलेषु सविता च गुरुर्वयं च ॥**

હે પુત્રી ! અમે પણ અમારા જીવનને ધન્ય ગણીએ છીએ કે જે કુળમાં સૂર્ય મૂળ પુરુષ અને અમે ગુરુ છીએ એટલે કે સૂર્યવંશી રઘુકુળમાં કુળગુરુ તરીકેનું અમને ગૌરવ છે, તે કુળમાં તું પુત્રવધૂ તરીકે છે, અને વિશ્વનું ભરણપોષણ કરતી મિથિલા નગરી કે જેના નૃપતિ પ્રજાપતિ સમા જનકવિદેહી છે તે તારા પિતા છે. એ રીતે હે બેટા ! તારા અવતારને ધન્ય છે, કે તારા બન્ને પક્ષો અત્યંત વિશુદ્ધ અને પ્રભાવશાળી છે, કે જે બીજાને કોઇ મહદ્ પુણ્યે જ પ્રાપ્ત થાય છે.

બેટા ! મારું તપ, અમારું ગૌરવ, અમારું ઋષિત્વ, અમારી સાધના અને અમારી ભક્તિ એ સૌની શોભારૂપ અયોધ્યાનું રાજ્ય છે કે જ્યાં—

**सर्वे नराश्च नार्यश्च, धर्मशीलाः सुसंयताः ।**
**मुदिताः शीलवृत्ताभ्यां, महर्षय इवामलाः ॥**

સર્વે સ્ત્રીઓ અને પુરુષો સંયમી, સુશીલ અને પવિત્ર ધર્મપરાયણ છે અને અતિ વૈરાગ્યવાન તપસ્વીઓ રહેલા છે, જે અયોધ્યાની શોભારૂપ છે અને અમને ગૌરવરૂપ છે, તેને તું નિઃશંક શોભાવી રહી છે.

પુત્રી ! ઋષિધર્મ યજમાનોથી જ શોભે છે, શરીર જેમ વસ્ત્રથી શોભે છે તેમ યજમાનનાં સૌભાગ્ય ઋષિઓને ગૌરવરૂપ હોય છે. એ સૌભાગ્યનો જ્યાં નિરંતર વાસ છે એવી અમરાવતી સરખી અયોધ્યા નગરીનું શું વર્ણન કરું ?

**સીતાજી**—માતાજી ! આપની મીઠી અમૃત સરખી વાણી સાંભળતાં હૃદયને તૃપ્તિ થતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મહામાતા**—तां तु राजा दशरथो, महाराष्ट्रविवर्धनः ।
पुरीमावासयामास, दिवि देवपतिर्यथा ॥

ઇંદ્રપુરીમાં જેમ ઇંદ્ર મહારાજા રહે છે તેમ આ અયોધ્યા નગરીમાં રાજ્યની વૃદ્ધિ કરનાર મહારાજા દશરથ રહે છે.

दीर्घायुषो नरा सर्वे, धर्मं सत्यं च संश्रिताः ।
सहिताः पुत्रपौत्रैश्च, नित्यं स्त्रीभिः पुरोत्तमे ॥

આ ઉત્તમ અયોધ્યા નગરીમાં હમેશાં સ્ત્રીઓવડે, પુત્ર–પૌત્રાદિવડે ધર્મ અને સત્યનું સેવન કરવાવાળા દીર્ઘાયુષી માણસો રહેલા છે.

तां पुरीं समहातेजा, राजा दशरथो महान् ।
शशास शमितामित्रो, नक्षत्राणीव चंद्रमा ॥

નક્ષત્રોને વિષે પૂર્ણિમાનો ચંદ્ર જેમ શોભી રહ્યો છે, તેમજ મહાતેજસ્વી દશરથ રાજા તેમના વિરોધીઓને દબાવી આ નગરીમાં શોભી રહ્યા છે.

આ વખતે કૌશલ્યાજી ઊભા થઈ બે હાથ જોડી નમન કરી બોલ્યા.

**કૌશલ્યાજી**—મહાદેવી ! આ સર્વ કુળગુરુઓના આશીર્વાદનો જ પ્રતાપ છે, તપસ્વીઓના તપબળની જ પ્રસાદી છે, ઇક્ષ્વાકુ વંશને શોભાવનારા, સદાના હિતચિંતક કુળગુરુઓનો જ્યાં વાસ છે ત્યાં સદાય શાંતિ અને આબાદી હોય જ, ચંદન અને કેતકીના વનમાં રહેનારાં પશુ, પક્ષી, માણસો અને પાર્થિવ પદાર્થો જેમ સુગંધનો લાભ મેળવે છે તેમ અમે સદ્‌ગુરુઓ, મહર્ષિઓ અને તપસ્વીઓના પ્રતાપે જ શોભી રહ્યા છીએ. મહાદેવી ! આપના આગમનથી અમે પાવન થયા છીએ.

गंगा पापं शशिः तापं, दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं च दैन्यं च, सन्ति हन्ति महाशयाः ॥

ગંગોદક પાપનો નાશ કરે, ચંદ્ર તાપનો નાશ કરે અને કલ્પતરુ દીનતાનો નાશ કરે, ત્યારે સંતપુરુષોની સેવા તો એ ત્રણેનો એક સાથે નાશ કરે એટલી શક્તિ ધરાવે છે, વિશેષ શું કહું ?

**મહામાતા**—(સીતાજી તરફ જોઈને), બેટા ! અયોધ્યા જેવો જ વૈભવ મિથિલાપતિ જનક રાજાનો છે. આજના સમયે આ યાદ આપવાનું કારણ એટલું જ કે આ બંને ઉત્તમ પક્ષને તું શોભાવી રહે છે. તેમના આ મહાન્ યજમાનોના સૌભાગ્યનું અમને જે ગૌરવ રહે છે, તેમાં તારા ત્યાગથી, તારા વનવાસથી, તારા ઔદાર્યથી અને તારી પતિભક્તિથી વૃદ્ધિ થાય છે.

**સીતાજી**—મહામાતા ! હું તો બાળક છું, મારી પ્રશંસા આટલી બધી ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહામાતા—બેટા ! તું બાળક છે એ વાત ખરી છે, પરંતુ તારામાં રહેલા ગુણો વિશ્વવંદ્ય છે, જેથી જ કહી શકું છું કે—

शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा,
विशुद्धेरुत्कर्षस्त्वयि तु मम भक्ति जनयति।
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वंद्यासि जगतां,
गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः ॥

પુત્ર હો કે પુત્રી હો, ગમે તે હો પરંતુ જેનામાં વિશુદ્ધિનો ઉત્કર્ષ જોઉં છું તેમાં જ મારી ભક્તિ પ્રગટે છે, શિશુપણું કે સ્ત્રીપણું જગતમાં વંદનને યોગ્ય નથી પરંતુ તેના ગુણો જ પૂજાને યોગ્ય છે, કે જ્યાં જાતિ કે ઉમ્મર જોવાતી નથી.

**સીતાજી**—અહો, હો ! મહામાતા ! મારા પર આટલો બધો પ્રેમ ? આ હિતશિક્ષારૂપ વચનો હું કેમ ભૂલી શકું ? હું તો બાળક છું અને આ જીવનની પહેલી વીશીમાં જ પ્રારબ્ધ ફરી જવાથી વનવાસનાં દુઃખો ખમવાનો સમય પ્રાપ્ત થાય છે, જે દુઃખો આત્માને વધારે પવિત્ર કરી આપની સેવામાં હાજર કરશે તે દિવસને હું અહોભાગ્ય ગણીશ. હાલ તો મારો આત્મા શ્રીરામજી પાસે છે ને દેહ અહીં છે. સૂર્યદેવ શિર ઉપર આવી ગયા છે, વનનો રથ તૈયાર હશે, સૌ રાહ જોતા હશે, તો માતાજી મને આશીર્વાદ અને કર્તવ્ય-પરાયણ બનવા આજ્ઞા આપો.

**મહામાતા**—બેટા ! પ્રભુ તમારું રક્ષણ કરો, સૂર્યના તેજરૂપ રઘુકુળનો સદા વિજય હો ! સદ્ધર્મના આરાધનમાં વનવાસ પૂર્ણ કરી સુખેથી સૌ પાછા ફરો એ મારો આશીર્વાદ છે.

સીતાજી નમન કરી ત્યાંથી વિદાય લે છે, અને સૌની આંખોમાંથી ચોધારાં આંસુ વહેવા લાગે છે. ( પૂર્ણ )

## શ્રી સિદ્ધાચલ તીર્થ સ્તવન.

( મંગલ દિન ભયો આજનો, ગુરુ ઘેર પધાર્યા.—એ દેશી. )

આજ મ્હારા નયણા સફળ થયા, સિદ્ધાચળ દીઠો;
આજ મ્હારા નયણા સફળ થયા, વિમલાચલ દીઠો. ॥ ૧ ॥
ભવ અનંતમાં એહ ન દીઠો, આજ મેં નજરે દીઠો રે. સિદ્ધા૦ ॥ ૨ ॥
ભવ ભમીએ ચઉ ગઇ સંસારે, તે હવે વેગે કમીએ રે. સિદ્ધા૦ ॥ ૩ ॥
મુનિવર ક્રોડ અનંતા સિધ્યા, શિવરમણી ભરથરીઆ રે. સિદ્ધા૦ ॥ ૪ ॥
પાપી પણ ઇહા ઉદ્ધરીઆ, પશુઆ પણ ઉગરીઆ રે. સિદ્ધા૦ ॥ ૫ ॥
ચરમાવર્તમાં જે ભવી આવે, પાપબહુલતા ખપાવે રે. સિદ્ધા૦ ॥ ૬ ॥
તે નિજ નજરે દર્શન પામી, **રુચકવિજય** સુખનામી રે. સિદ્ધા૦ ॥ ૭ ॥

મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કુમતિકુદ્દાલ, કુમતિકંદકુદ્દાલ, કુમતિમતકુદ્દાલ, ઉત્સૂત્રકંદકુદ્દાલ ઈત્યાદિ.

( લેખક: પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

આ લેખનું શીર્ષક વાંચતાની સાથે મહોપાધ્યાય [1]**ધર્મસાગરગણિ**નું નામ યાદ આવે એ સ્વાભાવિક છે, કેમકે એમણે રચેલ **કુવક્ખકોસિયસહસ્સકિરણ** ( કુપક્ષકૌશિકસહસ્રકિરણ ) કે જેને **હીરવિજયસૂરિ**એ **પવયણપરિક્ખા( પ્રવચનપરીક્ષા )** નામ આપ્યું છે તે કૃતિ તે જ **કુમતિકુદ્દાલ** ઇત્યાદિ વિવિધ નામે ઓળખાવાની કૃતિ છે એ જાતની માન્યતા હજી પણ પ્રચલિત હોય એમ જણાય છે, જો કે વસ્તુસ્થિતિ આવી નથી એમ **આગમોદ્ધારકે** " શ્રી પ્રવચનપરીક્ષાની મહત્તા "( પૃ. ૧૮ )માં પ્રતિપાદન કર્યું છે.

**ધર્મસાગરગણિ**ના લેખમાં કે [2]મર્યાદાપટ્ટકોમાં [3]**કુમતિકંદકુદ્દાલના** કર્તા ધર્મસાગર હોવાનો ઉલ્લેખ નથી તો પછી આ ગ્રંથ એમનો બનાવેલો કેમ ગણાય ? આ ગણિએ **તત્તતરંગિણી ( તત્ત્વતરંગિણી )** રચી છે. એમાં મુખ્યતાએ તિથિની વૃદ્ધિ અને હાનિને અંગે ' તપા ' ગચ્છની માન્યતાને આગળ રાખી ખરતરોની તિથિ બાબતની માન્યતાનું ખંડન છે. આ કૃતિ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ સંસ્કૃતમાં છે.[4] કેટલાક લેખકોને મતે આ વૃત્તિ તે જ **કુમતિકુદ્દાલ** છે.[5] સિંહવિજયે તો **કુમતિકુદ્દાલ** ને **તત્ત્વતરંગિણી**થી ભિન્ન ગણેલો છે.[6]

**કુમતિકંદકુદ્દાલ**ને અંગે કેટલાક કહે છે કે–ધર્મસાગરગણિએ દીક્ષા લીધી તે પૂર્વે આ ગ્રંથની હાથપોથી લખાયેલી છે. એમ બનવાજોગ છે કે–આ ગ્રંથમાં ખરતરાદિનાં મંતવ્યોની કડક અને કટુતાભરી સમાલોચના હોય અને એ બાબતોની આ ગ્રંથને આધારે **ધર્મસાગરગણિ** પ્રરૂપણા કરતા હશે એટલે પ્રરૂપકને જ પ્રણેતા માની લેવાયા હશે.

---

૧ એમના જીવન અને કવન વિષે મેં " મહોપાધ્યાય ધર્મસાગરગણિની જીવનરેખા " એ નામના લેખમાં કેટલીક હકીકત રજૂ કરી છે. આ લેખ હવે પછી છપાશે.

૨ **પટ્ટાવલી–સમુચ્ચય** ( ભા. ૨, પૃ. ૨૫૮ )માં ' તપ 'ગચ્છના **૧૧** મર્યાદા–પટ્ટકો ગણાવાયા છે.

૩ જુઓ પ્ર૦ પ૦ મ૦ ( પૃ. ૧૮ )

૪ આ સ્વોપજ્ઞ વૃત્તિ મૂળ સહિત ઋષભદેવજી કેશરીમલજી શ્વેતાંબર સંસ્થા (રતલામ) તરફથી ઈ. સ. **૧૯૩૪** માં પ્રસિદ્ધ કરાઇ છે.

૫ જુઓ **જિનચન્દ્ર** ( પૃ. ૬૨ )

૬ જુઓ પ્ર૦ પ૦ મ૦ ( પૃ ૧૮ ). વિશેષ માટે જુઓ સિંહવિજયે વિ. સં. ૧૬૭૪ માં રચેલી **સાગરબાવની** ( ગા. ૨૪ ). આ ગાથામાં **કુમતિકુદ્દાલ** અને **તત્ત્વતરંગિણી**ને પાણીમાં બોળ્યાની વાત છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉત્સૂત્રકંદકુદ્દાલ-કુમતિકંદકુદ્દાલને** જ કેટલાક ઉત્સૂત્રકંદકુદ્દાલ કહે છે. **જિનરત્નકોશ**( ભા. ૧ )માં **કુમતિકંદકુદ્દાલની** નોંધ નથી, પરંતુ **ઉત્સૂત્રકંદકુદ્દાલ** વિષે ઉલ્લેખ છે. અહીં **ગુરુતત્ત્વપ્રદીપ** અને **ગુરુતત્ત્વસિદ્ધિ** એમ એનાં બે નામાંતર અપાયાં છે. પૃ. ૧૦૭ માં **ગુરુતત્ત્વપ્રદીપનો** પરિચય આપતાં કહ્યું છે કે–એની એક હાથપોથી વિ. સં. ૧૬૮૩માં લખાયેલી છે. આ પાટણમાંની અન્ય હાથપોથી ઉપરથી ઉતારાવાયેલી છે. આ હાથપોથી ખૂબ ઉતાવળથી વિ. સં. ૧૬૦૬ માં **વિમલસાગર, જ્ઞાનવિમલ, વિનયસાગર** અને **વિવેકવિમલ** એ ચાર મુનિઓએ ઉતારી લીધી હતી. આને અંગેની **પ્રશસ્તિમાં** આ ઉતાવળનું કારણ નીચે મુજબ દર્શાવાયું છેઃ—

જ્યારે **ધર્મસાગરગણિએ** નારદપુરીમાં **તત્ત્વતરંગિણી** રચી ત્યારે ખરતરોએ એવો કજીયો ઉપાડયો કે આ ગ્રંથમાં અંદરખાનેથી અમારી ટીકા કરાઇ છે. એ ઉપરથી **ધર્મસાગરગણિએ** **ગુરુતત્ત્વપ્રદીપની** જૂની તાડપત્રીય હાથપોથી શોધી લાવવા **વિનયસાગરને** પાટણ મોકલ્યા, કેમકે એમને ખાતરી હતી કે પોતાના મંતવ્યનું આ ગ્રંથદ્વારા સમર્થન થશે. **વિનયસાગર** પાટણ ગયા અને **સહસ્રવત્સ** ઠાકુરના ઘરમાં એમને આ હાથપોથી મળી પણ ખરી. બૃહચ્છાલિક લૈંગિકોને આની ખબર પડતાં આ પોથી તો અમારી છે એમ કહી એમણે એ પાછી માંગી. **વિનયસાગરે** એ ઉપરથી પોતાના મિત્રોની મદદવડે એ જલદી ઊતારી લીધી અને એ લૈંગિકોને પાછી આપી. કાલાંતરે **ધર્મસાગર** ગણિએ આ **ગુરુતત્ત્વપ્રદીપનો** સારાંશ એક પૃથક્ પ્રકરણરૂપે **તત્ત્વતરંગિણીમાં** જોડી દીધો.

આ પ્રમાણેની હકીકત **વિવેકવિમલગણિકૃત** પ્રશસ્તિમાં છે.

**ગુરુતત્ત્વપ્રદીપ**—આ નામના ગ્રંથની તેમજ **ગુરુતત્ત્વસિદ્ધિ** એ નામવાળા ગ્રંથની હાથપોથીઓ કયાં કયાં છે એની **જિનરત્નકોશમાં** નોંધ છે. જેમની પાસે આ હાથપોથી હોય તેઓ જો સ્વોપજ્ઞ વૃત્તિ સહિત છપાયેલી **તત્ત્વતરંગિણી** સાથે એ સરખાવે તો ઉપર્યુક્ત પ્રશસ્તિની સત્યતા ઉપર પ્રકાશ પડે.

**ગુરુતત્ત્વપ્રદીપિકા**—આગમોદ્ધારકે પ્ર૦ ૫૦ મ૦( પૃ. ૧૧ )માં **ધર્મસાગરગણિની** કૃતિઓ ગણાવતાં **ગુરુતત્ત્વપ્રદીપિકાનો** અને એના ગ્રંથાગ્ર તરીકે એક હજારનો ઉલ્લેખ કરેલો છે. તો શું આ **ગુરુતત્ત્વપ્રદીપિકા** એ તાડપત્ર પર પ્રાચીન સમયમાં લખાયેલ **ગુરુતત્ત્વપ્રદીપિકાના** જ વિષયને વ્યક્ત કરે છે કે આ નામોની કેવળ **સમાનતા** છે ?

" જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ "( પૃ. ૫૬૨ )માં **ધર્મસાગરના** નામ પર " પ્રવચનપરીક્ષા-કુમતિમતકુદ્દાલ " નો ઉલ્લેખ છે. એ એક રીતે ક્ષંતવ્ય ગણાય, કેમકે આ પુસ્તક તો ઇ. સ. ૧૯૩૩માં પ્રસિદ્ધ થયું છે અને **પ્રવચનપરીક્ષા** તેમજ એની મહત્તાને લગતું લખાણ ઇ. સ. ૧૯૩૭માં પ્રસિદ્ધ થયું છે, પરંતુ આ ચાલુ વર્ષમાં ( ઇ. સ. ૧૯૩૭માં ) જે **પટ્ટાવલીસમુચ્ચય** ( ભા. ૨ ) બહાર પડયો છે તેમાં પૃ. ૨૬૯ માં " કુમતિકુદ્દાલ-પ્રવચનપરીક્ષા " એમ છપાયું છે તે શું કહેવાય ? આ પ્રશ્ન મેં મુનિશ્રી દર્શનવિજયજીને પૂછાવતાં તેમણે નીચે મુજબ ઉત્તર લખી મોકલ્યો છેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"કુમતિકુદ્દાલને અનુસરતો પ્રવચનપરીક્ષા ગ્રંથ એમ સમજવાનું છે." તા ૨૪–૭–૫૦*

ઉપર્યુક્ત **પટ્ટાવલીસમુચ્ચય** (ભા. ૨)માં **સોહમકુલરત્ન-પટ્ટાવલી-રાસ** છપાયો છે. એમાં પૃ. ૯૬ માં **કુમતિકુદ્દાલનું** અને એના કર્તા તરીકે ધર્મસાગરનું નામ છે. આને અંગેની "પુરવણી" (પૃ. ૨૫૭)માં **કુમતિકુદ્દાલને** અંગે નીચે મુજબ ઉલ્લેખ છે:—

"મહોપાધ્યાય શ્રીધર્મસાગરગણિએ આ ગ્રંથની પ્રરૂપણા કરી હતી, તેમજ "તત્ત્વતરંગિણી" ગ્રંથ બનાવ્યો હતો, જેમાં ઇતર ગચ્છોની કડક સમાલોચના કરી હતી. આ. વિજયદાનસૂરિ અને આ. શ્રી વિજયહીરસૂરિએ તે ગ્રંથોને જળશરણ કરાવ્યા, અને ઉપાધ્યાયજીએ પણ તે પ્રરૂપણા માટે મિચ્છામિ 'દુક્કડં' આપ્યો હતો, જેનો લેખ આ પ્રમાણે છે"

આ પ્રમાણેના ઉલ્લેખ બાદ જે લેખ અપાયો છે, તેમાં જલશરણની વાત નથી તેમજ **તત્ત્વતરંગિણીનું** નામ પણ નથી. એમાં તો "ઉત્સૂત્રકંદ-કુદ્દાલ-ગ્રંથ ન સદ્દહઉં, પૂર્વઇ સદ્દહઉ હુઇ તે 'મિચ્છામિ દુક્કડં'" એટલો જ ઉલ્લેખ છે એનું કેમ?

"પુરવણી" (પૃ. ૨૬૬)માં **ગુરુતત્ત્વદીપકનો પ્રવચનપરીક્ષાથી** ભિન્ન ગ્રંથ તરીકે ઉલ્લેખ છે. એ વાત પણ વિચારવા જેવી છે.

**ગુરુતત્ત્વપ્રદીપની** એક હાથ-પોથી જૈનાનંદ પુસ્તકાલયમાં છે. એમાં આ કૃતિનું બીજુ નામ **ઉત્સૂત્રકુમતિકુદ્દાલ** પણ અપાયું છે, પરંતુ કર્તાનું નામ નથી. આ કૃતિમાં આઠ વિશ્રામ છે. આ કૃતિ તે જ **જિનરત્નકોશમાં** નોંધાયલી કૃતિ હોવી જોઇએ. વિશેષ તપાસ કરવી બાકી રહે છે.

આ પ્રમાણે **કુમતિકુદ્દાલ** ઇત્યાદિ વિષે જે હકીકતો હું એકત્રિત કરી શક્યો છું તે ઉપરથી નીચે મુજબ નિષ્કર્ષ નીકળી શકે છે:—

(૧) **કુમતિકુદ્દાલ** એ નામ **સોહમકુલરત્ન-પટ્ટાવલી-રાસ**માં છે, અને એને અહીં ધર્મસાગરગણિની કૃતિ ગણી છે.

(૨) **કુમતિકંદકુદ્દાલ** એ નામ આગમોદ્ધારકે પ્ર. પ. મ. માં આપ્યું છે અને આ નામની કોઇ કૃતિ ધર્મસાગરગણિએ રચી નથી એમ એમણે કહ્યું છે.

---

* આ સંબંધમાં મેં ફરીથી કાગળ લખ્યો ત્યારે તા. ૩–૮–૫૦ના પત્રમાં નીચે મુજબ ઉત્તર એમણે મને લખી મોકલાવવા કૃપા કરી છે:—

"ઉપાધ્યાયજી મહારાજે પ્રાચીન **કુમતિકુદ્દાલ** ગ્રંથ જળશરણ થયા પછી **પ્રવચનપરીક્ષા** ગ્રંથ બનાવ્યો છે. જેમાં **કુમતિકુદ્દાલ** વિષયનો પણ સમાવેશ કરેલ છે અને બીજી વાતો પણ વર્ણવી છે. આમાં **કુમતિકુદ્દાલની** યુક્તિયો અપનાવી, પણ તેની ઉગ્રતાને અપનાવી નથી. તેથી આ ગ્રંથ સર્વમાન્ય બન્યો છે."

આ વિધાનના સમર્થનાર્થે પ્રમાણો રજૂ કરવા મારી શ્રી દર્શનવિજયજીને સાદર વિજ્ઞપ્તિ છે. શું કુમતિકુદ્દાલ નામનો ગ્રંથ એમણે જોયો છે અને જોયો હોય તો એને **પ્રવચનપરીક્ષા** સાથે સરખાવ્યો છે ખરો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) કુમતિમતકુદ્દાલ નામ જૈ. સા. સં. ઇ. માં જોવાય છે. સાથે સાથે એને અહીં પ્રવચનપરીક્ષાનું નામાંતર ગણ્યું છે. પટ્ટાવલી-સમુચ્ચય ( ભા. ૨ ) ના સંયોજક આને જ અનુસરે છે. જો એમ ન જ હોય તો તેમણે કયા આધારે પ્રવચનપરીક્ષાને કુમતિકુદ્દાલ-પ્રવચનપરીક્ષા કહી છે તે તેઓ જણાવવા કૃપા કરે.

( ૪ ) કુમતિકુદ્દાલ કે કુમતિકંદકુદ્દાલ અથવા કુમતિમત-કુદ્દાલને બદલે કેટલાક તરફથી ઉત્સૂત્રકંદકુદ્દાલ નામ રજૂ કરાય છે. વિશેષમાં ઉત્સૂત્રકંદકુદ્દાલનાં ગુરુતત્ત્વપ્રદીપ અને ગુરુતત્ત્વસિદ્ધિ એવાં બે નામાંતરો સૂચવાય છે, પણ પ્રવચનપરીક્ષા એવું એનું નામાંતર કોઇએ પ્રાચીન સમયમાં સૂચવ્યું હોય તો તે જાણવામાં નથી.

( ૫ ) તત્ત્વતરંગિણી જલશરણને લાયકની કૃતિ હોય એવાં એમાં કંઇ વિધાનો જણાતાં નથી. શું ધર્મસાગરગણિએ જે તત્ત્વતરંગિણી રચી હતી તેમાં કાપકૂપ કરાઇ એ નામની નવીન કૃતિ એમને નામે ચડાવાઇ છે ?

( ૬ ) ઉત્સૂત્રકંદકુદ્દાલ યાને ગુરુતત્ત્વપ્રદીપનો સારાંશ તત્ત્વતરંગિણીમાં જોડાયો એમ વિવેકવિમલે કહ્યું છે. આ ગુરુતત્ત્વપ્રદીપ વિ. સં. ૧૬૦૬ પહેલાં કોઇકે રચ્યો છે. એની તાડપત્રીય પ્રતિ ધર્મસાગરગણિએ જોઇ હોવી જોઇએ અને એમાં 'ખરતર' ગચ્છની માન્યતાઓનું ખંડન હશે. આ કૃતિ વિક્રમની પંદરમી સદીથી અર્વાચીન નહિ હશે એમ તાડપત્રીય પ્રતિઓનો સમય સામાન્યતઃ જે મનાય છે તે આધારે કહી શકાય.

( ૭ ) વિવેકવિમલની પ્રશસ્તિ જેમની પાસે હોય તેમણે એ પ્રસિદ્ધ કરવા કૃપા કરવી ઘટે, જેથી આ વિવાદગ્રસ્ત વિષયનો સમુચિત નિર્ણય થાય.

( ૮ ) પાટણના ભંડારમાં ઉપર્યુક્ત ગુરુતત્ત્વપ્રદીપની હાથપોથી છે કે નહિ તેની તપાસ કરી એ ગ્રંથના વિષય વગેરે બાબત ઉપર પ્રકાશ પડાવો જોઇએ.

( ૯ ) અસલની તત્ત્વતરંગિણીને ગુરુતત્ત્વપ્રદીપ સાથે સંબંધ હશે. એ ગમે તે હો; ખરતરોએ પણ પ્રવચનપરીક્ષાને તો કુમતિકુદ્દાલ કે ઉત્સૂત્રકંદકુદ્દાલ કે એવા કોઇ નામે ઓળખાએલ નથી. બહુમાં બહુ તો તેમણે તત્ત્વતરંગિણીની કોઇક વૃત્તિને આ પ્રમાણે ઓળખાવી છે એમ લાગે છે.

( ૧૦ ) ખરતરોની માન્યતાઓની કડક શબ્દોમાં ઝાટકણી કાઢનાર કોઇક કૃતિ ધર્મસાગરગણિએ જોઇ હોવી જોઇએ અને એમાંની બાબતોની એમણે કોઇક કૃતિમાં પ્રરૂપણા કરી હોવી જોઇએ. પ્રરૂપક અને પ્રણેતાનો ભેદ ધ્યાનમાં ન રહેતાં ગેરસમજ ઊભી થઇ હશે.

( ૧૧ ) ગુરુતત્ત્વદીપક, ગુરુતત્ત્વપ્રદીપિકા કે એવા કોઇ નામની કે નામાંતરવાળી કૃતિ ધર્મસાગરગણિએ રચી છે. એ દ્વારા એમણે એમની પૂર્વે રચાએલા ગુરુતત્ત્વપ્રદીપનું નામ તો સાચવી રાખ્યું છે; વિષયની વાત તો એ મૂળ કૃતિ તેમજ એમની આ નામની કૃતિ સરખાવ્યે કહી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવહાર–કૌશલ્ય

( ૩૦૧ )

**સારા થવું, હલકા તત્ત્વોથી જીવનને દૂર રાખવું, પોતાના સંબંધમાં આવનાર સર્વને સર્વદા મદદ કરવી, પોતે મીઠાં થવું અને સર્વ પ્રકારની ઉશ્કેરણીથી મનને દૂર રાખવું અને કોઇ કારણે નાનોસૂનો પણ ક્રોધ ન કરવો. આ જીવનનું ધ્યેય છે, માનવંતું છે અને મેળવવું મુશ્કેલ છે.**

જીવનનું ધ્યેય હોવું જોઇએ, આદર્શ હોવો જોઇએ અને મુશ્કેલીમાં એ આદર્શને અનુકૂળ રહેવું જોઇએ અને એ આદર્શ ઉપર વિશ્વાસ રાખવા ઉપરાંત એ આદર્શને વળગી રહેવું જોઇએ. જે આદર્શ વાત કરે તે નકામી છે, **આદર્શ તો જીવવો જોઈએ અને તેને નિમકહરામ કદી થવાય નહિ.** એટલે વાતો કરનાર આદર્શને પહોંચી શકતા નથી, તેઓનો આદર્શ આદર્શમાં જ રહે છે અને વાતો કરવામાં તેમની બહાદુરી જણાઈ આવે છે. તે વાતોડીઆ માણસ **આદર્શને માણી શકતા નથી,** પણ હેરાન દુઃખી અને અનેક રીતે પાછા પડનાર થાય છે. આદર્શ જીવવા જેવી વસ્તુ છે. જેઓ આવા આદર્શને જીવી શકતા નથી તેવા માણસો ગમે તેટલી આદર્શની વાત કરે તેમાં તેઓનું મહત્ત્વ વધારવાની વાત જ હોય છે, તેમાં કોઈ સાચી વાત હોતી નથી, પણ વાત તરીક આદર્શને આગળ ધરવાની જ તેમાં વાત હોય છે, એવા આદર્શવાદીઓ, તકસાધુ અનુકરણ માટે નકામા નીવડે તો તેમાં નવાઇની વાત નથી. આપણે વહેવારૂ આદર્શવાદીની તકો સમજ્યા પછી તેમને અનુસરવાના નથી, પણ સાચા આદર્શવાદી તો તે કહેવાય છે જેઓ પ્રાણાંતે પણ આદર્શને ચૂકે નહિ, આગળ વધે નહિ કે પાછળ જાય નહિ. કેવો આદર્શ હોવો જોઇએ તેના થોડા દાખલા અત્ર આપ્યા છે. તે સમજી **વહેવારુ આદર્શવાદી** થઇએ અને આપણા જીવનનું ધ્યેય સમજીએ. દાખલા તરીકે:—

૧ પોતે સારા થવું. ગમે તેવા સંયોગોમાં સારાપણું છુપાવવું નહિ.

૨ નીચે ઉતારે તેવા સંયોગોમાંથી જાતને ઉગારી લેવી.

૩ મદદની જરૂર જેને જેને હોય, તેને જીવનથી પણ મદદ કરવી. સંબંધમાં આવનાર સર્વને આ આદર્શનો લાભ મળવો જોઇએ.

૪ પોતાની જાતને **મીઠી** રાખવી, કડવાટ દૂર કરવી અને આનંદી રહેવું.

---

Just to be *good*, to keep life pure from degrading *elements* to make it constantly helpful in the *little ways* to those who are touched by it, to keep one's spirit always sweet and avoid all meanness of pretty anger and irritability–that is the ideal as noble as it is difficult.

Elmond Haword Irggs.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ નાની નજીવી બાબતમાં **ગુસ્સો** ન કરવો.

૬ **ચીડીઆ** ન થવું.

આવા આદર્શ પોતાને માટે મુકરર કરી તે ધ્યેયને સ્વીકારવું અને પછી ગમે તેટલી અગવડ પડે તો પણ તે આદર્શને વળગી રહેવું. ભોગ આપવો પડે તે આદર્શ ખાતર આપવો અને ધ્યેય છૂટવું ન જ જોઇએ એ ધ્યાનમાં રાખવું. એમાં ધસારે ચળકાટ છે, એટલે ઘસારાથી ડરવું નહિ અને નિત્ય આનંદમાં મગ્ન રહેવું. આ **કુશળ** માણસનું કામ છે, એમાં કુશળતા સિદ્ધ થાય છે અને તે આચરણથી સિદ્ધ થાય છે.

( ૩૦૨ )

**જિંદગી માટે એક ઘણી રમૂજ કરે એવી બાબત છે કે તમે એક વખત નિશ્ચય કરો કે સારામાં સારી ચીજ મળે તે સિવાયનો સ્વીકાર કરવો નહિ તો ઘણી વખત તે તમને મળે છે.**

માણસોને ગમે તેમ કરીને વસ્તુપ્રાપ્તિ કરવી હોય છે, તે જે ધારે તેવી ચીજ તે મેળવી શકે છે. તે જો ધારણા કરે કે સોનાની અંબાડી પર બેસવું તો તેને **સોનાની અંબાડી** મળે છે, જો **ઘરનાં ઘરની** તેને ઇચ્છા હોય તો તે મળે છે. જિંદગીમાં જેવી ધારણા હોય તેવું તેને મળે છે. એ માટે એણે ચારિત્ર કેળવવું ઘટે અને ચારિત્ર કેળવણીના અનેક દાખલાઓ છે. તમે સુતારની વાર્તા વાંચી હશે. તેણે એક પ્રકારના લાકડાને ખૂબ છોલ્યું, પોલિશ કર્યું. તેનું આવું વર્તન જોઇ બીજા માણસે તેને આટલી મહેનત કરવાનું કારણ પૂછયું. પોતાને બેસવા માટે જ તે પોલિશ કરી રહ્યો છે એમ તે સુતારે જવાબ આપ્યો અને તેણે ( સુતારે ) **અંતે એ જગા મેળવી.** આ વાર્તા બતાવે છે કે-**પ્રયત્ન** ( પૌરૂષ ) બરાબર હોય અને **દૈવની** અનુકૂળતા હોય તો ધારેલી અશકય વાત પણ બને છે અને આનંદમંગળ થાય છે, નહિ તો કયાં એક અદનો સુતાર અને કયાં ન્યાયાધીશી ! પણ તેણે યોગ્ય પ્રયત્ન કરી તે જગ્યા મેળવી અને મોટો ન્યાયાધીશ એક સુતાર બન્યો. એ આશ્ચર્યકારક ઘટના છે કે અશકય વાત પણ કુદરતમાં બને છે, માટે પહેરવો તો સોનાનો જ કંદોરો પહેરવો, મારે પરણવું તો ઇંદ્રાણીને જ પરણવું, તો એ માટે પ્રયત્ન કરવો ઘટે, અને દૈવ અનુકૂળ હોય તો તે પણ મળી આવે. પ્રયત્ન કરવામાં કચાશ ન રાખવી. તમે ભારે ઉદ્યમી છો અને દૈવ પર ભરોસો રાખનાર છો તો તમે રમૂજ ઉત્પન્ન કરે તેવી સારામાં સારી ચીજ મેળવી પરીક્ષા કરો. તમે નસીબદાર છો, તો ભાવના રૂપાના કંદોરાની ન રાખો, તમારા નસીબમાં **સોનાનો કંદોરો** હોય તો તે પણ પ્રયત્ન-( ઉદ્યમ ) માંગે છે અને તમે પ્રયત્નમાં માનો છો તો ચલાવે રાખો અને પ્રયત્નને વશ થાઓ, એટલે સર્વ વસ્તુ સારામાં સારી હોય તે મળશે પણ જો તે મેળવવા માટે પ્રયત્નને મૂકી દેશો તો તે વસ્તુ મળશે નહિ અને કુદરતની રમૂજના બેનસીબ રહેશો. બાકી ઉદ્યમને

It is a funny thing about life–If you refuse to accept anything but the best, you very often get it. **Samerset Maugham.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધીન સર્વ વાત છે અને તમે ઉદ્યમમાં (**પાંચે સમવાયી કારણમાં**) માનનારા છો, તો સુતારની જેમ પ્રબળ ઇચ્છા અને પુરુષાર્થ કરો અને તમને સારામાં સારી ચીજ મળી રહેશે, પણ જો તમારા પ્રયત્નની અધૂરાશ હશે તો નહિ મળે અને પછી તમે દૈવને દોષ આપશો. કુશળ માણસ મોળી ઇચ્છા ન કરે અને વસ્તુ મેળવે ત્યારે જ જંપે. તમારી કુશળતા, પ્રબળ ઇચ્છા અને દૈવમાં માનવામાં છે. પાંચે સમવાયી કારણોમાં માનો, પણ ઇચ્છા મોળી ન કરો.

**મૌક્તિક.**

## પંન્યાસ પદ–પ્રદાન અને પ્રતિષ્ઠા મહોત્સવ.

પાલીતાણાખાતે તળાટીની શીતળ છાયામાં આવેલ જૈન સોસાયટીમાં થયેલ નૂતન જિનાલયની પ્રતિષ્ઠા ભારે સમારોહપૂર્વક કરવામાં આવી. આ પવિત્ર પ્રસંગની સાથોસાથ પૂજ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીને પંન્યાસ પદ અર્પણ કરવામાં આવ્યું.

નૂતન જિનાલય શેઠ જીવતલાલ પ્રતાપશીની ચીવટભરી દેખરેખ નીચે તૈયાર થતાં મૂળનાયક શ્રી વાસુપૂજ્યસ્વામીને મહા શુદિ તેરસના રોજ ૧૨–૮ મિનિટે પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. મહા શુદી બારસને દિવસે પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ, તથા પૂ. આ. શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં પૂ. મહારાજશ્રી ભદ્રંકરવિજયજીને પંન્યાસ પદ અનેક ગામોના આગેવાનોની હાજરીમાં આપવામાં આવ્યું અને સંખ્યાબંધ ગૃહસ્થોએ કામળી, કપડાં વગેરે નૂતન પંન્યાસશ્રીને ભક્તિભાવપૂર્વક ઓઢાડ્યા.

આ પ્રસંગને અંગે વિવિધ આકર્ષક રચનાઓ કરવામાં આવી હતી. મહા શુદી અગિયારસના રોજ જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. મહા શુદી તેરસના રોજ પુનાનિવાસી શેઠ મોતીલાલ લાલચંદ તરફથી અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવેલ.

શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠ નગીનદાસ કરમચંદ આદિ ઉદારદિલ ગૃહસ્થોએ આ માંગલિક પ્રસંગે વિધવિધ ક્ષેત્રોમાં લક્ષ્મીનો વ્યય કરી સારો લાભ લીધો હતો. એકંદરે દોઢ લાખ રૂપિયા જેટલી આવક થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શેઠ ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઈસ્કૂલ.

## ( ઉદ્‌ઘાટન-સમારંભ )

માહ વદિ ૪ તા. ૨૫ મી ફેબ્રુઆરી રવિવારના રોજ સવારમાં નવ કલાકે ભાવનગરમાં ઘોઘા સરકલ પાસે મદ્રાસના નામદાર ગવર્નર અને ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના વરદ હસ્તે શ્રી ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઇસ્કૂલનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ, જે પ્રસંગે પ્રતિષ્ઠિત અને આમંત્રિત ગૃહસ્થોની સારા પ્રમાણમાં હાજરી હતી.



શેઠ ભોગીલાલ મગનલાલ

શરૂઆતમાં મંગલ ગીત સુંદર રીતે ગવાયા બાદ શેઠ ધરમદાસ હરગોવીંદદાસે નામદાર મહારાજા સાહેબને હાઈસ્કૂલ ખુલ્લી મૂકવા વિજ્ઞપ્તિ કરી.. બાદ શ્રી મનસુખલાલ બારાએ કોમર્સ સ્કૂલની રૂપરેખા વર્ણવી આ સંસ્થામાં શ્રી ભોગીલાલભાઈએ દોઢ લાખની સખાવત કરી તે હકીકત જણાવી આ સંસ્થાની ઉપયોગિતા જણાવી હતી.

આ શુભ પ્રસંગે આવેલા શુભેચ્છાના સંદેશાનું શ્રી સાંગાણીએ વાંચન કર્યું હતું, બાદ અત્યારના દેશકાળમાં કોમર્સ હાઈસ્કૂલની કેટલી અગત્ય છે તે સંબંધી શ્રી શાંતિલાલ મંગળદાસ શેઠ, શ્રી હરિલાલ મોનદાસ શેઠ, શ્રી કુલચંદ હરિચંદ, વોરા જુઠાભાઇ સાકરચંદ વિગેરેના પ્રશંસનીય વક્તવ્યો થયા હતા.

બાદ શેઠ ભોગીલાલભાઈએ પોતાનું વક્તવ્ય રજૂ કરવા બાદ નામદાર મહારાજા સાહેબે હાઇસ્કૂલ ખુલ્લી મૂકતાં-મધ્યમ વર્ગના માણસોની પ્રતિદિન વિણસતી જતી પરિસ્થિતિનો હૂબહૂ ચિતાર આપી શ્રીમંતોને આવા ક્ષેત્રોમાં પોતાનો દાન-પ્રવાહ વહેવડાવવાની અપીલ કરી હતી.

વિશેષમાં તેઓશ્રીએ જણાવ્યું કે-ગાડાના બળદિયાની માફક મધ્યમ વર્ગમાં એક જ માનવી પર સંસાર-વ્યવહારનો બોજો આવી પડે છે. ચાલુ મોંઘવારીમાં આ બોજો અતિશય વધી જતાં મધ્યમ વર્ગ ઘસાતો જાય છે. હવે મધ્યમ વર્ગે વધારે શ્રમજીવી બનવાની સૂચના કરી હતી. પ્રાંતે તેઓએ શુભાશીષ દર્શાવેલી કે-શેઠ ભોગીલાલની ઉદાર સખાવતથી કાર્ય કરતી આ કોમર્સ સ્કૂલ ભવિષ્યમાં અનેક ભોગીલાલો પ્રકટાવે. પ્રાંતે શેઠ ભોગીલાલને સુંદર કાર્ય કરવા બદલ ધન્યવાદ આપેલ.

છેવટે શેઠ રમણિકલાલ ભોગીલાલે સૌનો આભાર માનતાં આનંદજનક વાતાવરણ વચ્ચે મેળાવડાની પૂર્ણાહુતી થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચોતેરમા વર્ષમાં પ્રવેશ

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ, સાહિત્યોપાસક, કેળવણીપ્રેમી શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી. B.A.LL.B. રીટાયર્ડ ચીફ જજ, ભાવનગર રાજ્ય, માહ વદિ તેરસ સોમવારના રોજ પંચોતેરમા વર્ષમાં પ્રવેશ કરતાં હોવાથી તે દિવસે સવારના શુભેચ્છા દર્શાવવા માટે તેઓશ્રીના મિત્રો અને પ્રશંસકો તરફથી એક મેળાવડો સભાના હોલમાં યોજવામાં આવ્યો હતો જે સમયે સભાના સભાસદો ઉપરાંત અન્ય આમંત્રિત ગૃહસ્થો પણ હાજર રહ્યા હતા.



શરૂઆતમાં **શ્રી વીઠલદાસ ખીમજીભાઇ પટેલે** જણાવ્યું કે–શાસ્ત્રોમાં સો વર્ષના આયુષ્યના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે: બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ. આ ભીષણ મોંઘવારી, રેશનીંગ અને પૌષ્ટિક ખોરાકના અભાવના સમયમાં પંચોતેર વર્ષ જેટલી ઉમ્મર થવી એ સદ્ભાગ્યની નિશાની છે. મારો શ્રી જીવરાજભાઇની સાથે બે પેઢીથી સંબંધ ચાલ્યો આવે છે સામાન્ય કુટુંબમાં જન્મી, આપબળે ચીફ જજ જેવા માનવંતા સ્થાને પહોંચવું, અને ન્યાયખાતા જેવા કાંટાળા માર્ગમાં કારકિર્દી પ્રાપ્ત કરવી એ મહદ્ ભાગ્ય છે. તેમનો વિદ્યા-વ્યાસંગ અને સાહિત્ય–સેવાના અભિલાષ ઉત્તમ છે અને તેટલે જ તેઓએ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું સુકાન સંભાળ્યું છે, જેને તેઓ યશસ્વીરીતે સફળ કરે તેવું દીર્ઘાયુષ તેમને પ્રાપ્ત થાય તેમ ઇચ્છું છું.

બાદ **શ્રી જુઠાભાઇ સાકરચંદ વોરાએ** જણાવ્યું કે—મને શ્રી જીવરાજભાઇનો સારો પરિચય છે. તેઓ અમારા સમાજમાં અગ્રગણ્ય છે અને વખતોવખત તેમના કિંમતી સૂચનો અમને સંઘહિતના કાર્યો માટે મળતાં રહે છે. વિશેષ ન કહેતાં તેઓ તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ ભોગવે એમ પ્રાર્થું છું.

બાદ શ્રી **ભાઇચંદભાઇ અમરચંદ વકીલે** બોલતાં જણાવ્યું કે–શ્રી જીવરાજભાઇ મારા વડીલ છે. વડીલની હાજરીમાં તેઓના ગુણગાન કરવા એ ઉચિત ન ગણાય એટલા માટે આપણે તેઓશ્રીના જીવનમાંથી શું પ્રાપ્ત કરવાનું રહે છે તે જ જણાવીશ. આપણો સમાજ વેપારી સમાજ છે અને તેથી જ આપણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમાજમાં શ્રી જીવરાજભાઈ જેવું સ્થાન પ્રાપ્ત કરવું તે ખરેખર વિરલ જ ગણાય. તેઓશ્રી દાદાસાહેબ જૈન બોર્ડીંગના આત્મા છે અને તેનો વિકાસ ખરેખર તેઓશ્રીને આભારી છે.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનું સુકાન તેઓ સારી રીતે સંભાળી રહ્યા છે અને વર્ષો સુધી પાંજરાપોળના પ્રમુખ તેઓએ તરીકે સેવા બજાવી હતી. કાર્ય કરવાની તેઓની ભાવના પ્રશંસનીય છે. તેઓ દીર્ઘાયુ ભોગવી, સેવાનાં કાર્યો કરતાં રહે એમ અંતઃકરણથી ઈચ્છું છું.

બાદ શ્રી **ગુલાબચંદ લલ્લુભાઈએ** જણાવ્યું કે-શ્રી જીવરાજભાઈનું જીવન ઉમદા આદર્શો પૂરાં પાડે છે. તેઓમાં એવી કોઈ આધ્યાત્મિક શક્તિ કાર્ય કરી રહી છે, જે તેમના દરેક કાર્યોમાં સુવાસ ફેલાવે છે. તેઓને ઉમદા વાંચન શોખ છે, પણ તેઓએ ફક્ત પુસ્તકોનો ભાર વહન નથી કર્યો પરંતુ તેના સાર-સત્વરૂપ નિષ્કર્ષ ખેંચી લઈ જીવનમાં ઉતાર્યો છે. બીજું તેમનું વિશિષ્ઠ લક્ષણ નિરાળાપણું છે. કોઈપણ હકીકતમાં તેઓ મમત્વભાવ નહીં ધરાવે. તેમની વિચારશુદ્ધિ પણ સુંદર છે. તેઓશ્રી અનેક સત્કાર્યો કરવા દીર્ઘાયુષી બને તેમ ઈચ્છું છું.

પછી શ્રી **જગજીવનદાસ પોપટલાલ પંડિતે** જણાવ્યું કે-ગુણીજનો અગુણીને ઓળખી શકતા નથી, ગુણીજનો ગુણી પ્રત્યે મત્સરી હોય છે પરંતુ પોતે ગુણી હોય અને વળી અન્ય ગુણીજનો પરત્વે સ્નેહભાવ ધરાવતા હોય તેવા જનો તો વિરલ જ હોય. આવી જ વિરલ વ્યક્તિ શ્રી જીવરાજભાઈ છે. તેઓ દીર્ઘાયુષી થઈ સેવાનો મંત્ર વિશેષ ને વિશેષ પ્રસારે તેમ ઈચ્છું છું.

બાદ શ્રી **જીવરાજભાઈએ** પોતાના માટે થયેલ વક્તવ્યો સંબંધે આભાર માની, સૌની મમતાભરી લાગણી માટે ઉપકાર દર્શાવી પોતાની ફરજ સંબંધી ટૂંક વિવેચન કરેલ.

બાદ શ્રી **દીપચંદ જીવણલાલ શાહે** આમંત્રિત બંધુઓનો આભાર માનતાં શ્રી જીવરાજભાઈને ફૂલહાર અર્પણ કરવામાં આવ્યાં હતાં.

પ્રાંતે ચા-પાન લઈ સૌ આનંદજનક વાતાવરણ વચ્ચે વિખરાયા હતા.

---

# પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય

લેખક: **શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા, M. A.**

શ્રી હીરાલાલભાઈના તલસ્પર્શી સંશોધન અને વિવેચનથી આજે કોણ અજાણ છે. તેમના "આગમોનું દિગ્દર્શન" પુસ્તક જેવું જ આ પણ સંશોધનપૂર્ણ અને વિદ્વાનોને રુચિકર થઈ પડે તેવું આ પુસ્તક છે. પ્રાકૃત ભાષાને લગતી વિશદ વિવેચના બે ખંડમાં કરવામાં આવી છે. છેવટે પૂરવણી અને કેટલીક સૂચના પણ આપેલ છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૨૭૫, પાકું બાઈંડીંગ મૂલ્ય રૂપિયા છ. પોસ્ટેજ જુદું.

લખો : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર

For Private And Personal Use Only